Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.10 - Issue 4
April 2017
Price 10/-



અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'મહિલા દિવસ'ના કાર્યક્રમમાં રાજયોગિની સરલાદીદી, ડૉ. દર્પણાબેન, વનિતાબેન, નૃત્યગુરુ શિલ્પાબેન, આચાર્ય કામિનીબેન, RJ હીનાબેન, લેખિકા વીણાબેન.

બાલાગામમાં 'મહિલા દિવસે' નારી જાગૃત્તિ વિશ્વ જાગૃતિનો સંદેશ આપતાં બ્ર.કુ. ગીતાબેન, ઉપસરપંચ ભગિની શીતલબેન, આંગણવાડીના પ્રેમિલાબેન, સરોડ ગામના ઉપસરપંચ શાંતાબેન.

અમદાવાદ ટાગોર હોલમાં 'મહિલા દિવસે' વિકલાંગોને મશીન આપતાં રાજયોગિની સરલાદીદી સાથે ફલક ફાઉન્ડેશનના ભ્રાતા ભાવિનભાઈ.

દીવમાં 'મહિલા દિવસે' ઇશ્વરીય સંદેશ આપ્યા બાદ CDPO ગાયત્રીબેન, સુભદ્રાબેન, એડવોકેટ હેમલતાબેન, રેખાબેન જાની, બ્ર.કુ. ગીતાબેન.

UN કમીશન ઑન સોશીયલ ડેવલપમેન્ટના કાર્યક્રમમાં દિવ્યનગરીનો રીપોર્ટ આપ્યા બાદ ગ્રુપ સાથે બ્ર.કુ. ઈશીતાબેન, UN NGOનાં પ્રતિનિધિ ડેનીસ લીક્યુલ, પ્રમુખ UNSRC જર્મન બ્રાવો કાસેલ.

મુંબઈ બોરીવલીમાં 'નારી સંસ્કૃત્તિની સંરક્ષક'કાર્યક્રમમાં ટીવી કલાકાર અમીતા નાનજીયા, આચાર્ય ગોખલે કૉલેજ કુ. સંત, ગાયકી ભગિની ઐશ્વર્યા, પ્રમુખ ઈનરવ્હીલ કલબ જ્યોતિબેન, બ્ર.કુ. દિવ્યપ્રભાબેન.

વાસદ ખાતે 'શિવજયંતી' કાર્યક્રમમાં રાજયોગિની સરલાદીદી, સ્વામીનારાયણ સંપ્રદાયના સ્વામી કે.કે.શાસ્ત્રી, આર્ટ ઑફ લીવીંગના સ્વામી ભાવિનજી, વ્યાપારી ભગવાનભાઈ ગોકલાની, બ્ર.કુ.દીપાબેન.

મુંબઈ ડીંડોસી 'આંતરરાષ્ટ્રીય મહિલા દિને' સ્નેહમિલનમાં ટીવી કલાકાર પ્રાંચી ઠાકર, પ્રમુખ ડીંડોસી મહિલા ગ્રુપ સાધના માને, પ્રમુખ શિવસેના ગાવડે બાઈ, બ્ર.કુ. કુંતીબેન, બ્ર.કુ. શોભનાબેન.

કચ્છ–ભૂજ ખાતે 'શિવધ્વજારોહણ' બાદ પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. પ્રતિભાબેન, મેયર ભ્રાતા અશોકભાઈ, બ્ર.કુ. રક્ષાબેન.

અમદાવાદ ઈન્ડીયા કોલોની દ્વારા આયોજીત શોભાયાત્રાને લીલી ઝંડી આપતાં બિલ્ડર ભ્રાતા મગનભાઈ, વિનુભાઈ જોગાણી, બ્ર.કુ. ભાનુબેન.

અમદાવાદ સારંગપુરમાં 'શિવજયંતી' કાર્યક્રમમાં દીપ પ્રગટાવતાં બ્ર.કુ. મંજુલાબેન, ઉપાધ્યક્ષ VHP ભ્રાતા સુકાભાઈ, મ્યુ. કોરપોરેટર ભ્રાતા મયૂરભાઈ, મીડિયા સેલ કન્વીનર BJP ડૉ. હેમંતભાઈ ભટ્ટ.

વહેલાલ ખાતે આયોજીત દસક્રોઈ તાલુકાના 'સરપંચ સંમેલન'માં મંચ પર ધારાસભ્ય ભ્રાતા બાબુભાઈ જમનાદાસ પટેલ, પ્રમુખ ભગિની વૈશાલીબેન પટેલ, બ્ર.કુ .આરતીબેન, બ્ર.કુ. સ્નેહલબેન તથા અતિથિગણ.

સુરત બાલાજીરોડ દ્વારા આયોજીત 'મહાશિવરાત્રી–સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ'માં ચેરમેન આરોગ્ય સમિતિ ભ્રાતા અનિલભાઈ, મંત્રી બ્રહ્મસમાજ ભ્રાતા જીગીષભાઈ દવે, બ્ર.કુ. ફાલ્ગુનીબેન.

દાહોદ ખાતે 'સર્વધર્મ સંમેલન'માં પ્રમુખ ગુરુદ્વારા અમરસિંહજી, ભ્રાતા જૈનુદીન કાજી, પ્રમુખ ઘાંચી સમાજ ભ્રાતા સુલેમાનજી, પ્રમુખ નગરપાલિકા સંયુક્તાબેન, DEO બિપીનભાઈ, બ્ર.કુ. કપિલાબેન.

વડોદરા છાણીમાં 'શિવસંદેશ મહોત્સવ'માં કોરપોરેટર વંદનાબેન, ગુરુદ્વારાના સકતરસિંહજી, MD સદ્‌ગુરુ કેડીટ સોસાયટી ભ્રાતા કાલિદાસભાઈ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. કપિલાબેન.

ડીસા સેવાકેન્દ્ર પર આયોજીત 'શિવરાત્રી'ના કાર્યક્રમમાં કેક કટીંગ કરતાં બ્ર.કુ. સુરેખાબેન, આચાર્ય લૉ કૉલેજ તથા BJP મહિલા મોરચાના સભ્ય ડૉ. રાજુલબેન દેસાઈ, બ્ર.કુ. હસુમતીબેન.

અંબાજીમાં 'શિવરાત્રી'ના કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં ડેપ્યુટી કલેકટર ભ્રાતા આર.કે.પટેલ, એન્જીનીયર ભ્રાતા ગિરીશભાઈ, બ્ર.કુ. દિપીકાબેન.

ગોંડલમાં 'શિવધ્વજારોહણ' કરતાં PI ભ્રાતા ચૌહાણભાઈ, નગરપાલિકા પ્રમુખ મનીષાબેન, બ્ર.કુ. શીતલબેન તથા બ્ર.કુ. મનીષાબેન.

માળીયા-હાટીનામાં 'શિવધ્વજ' લહેરાવતા સરપંચ ભ્રાતા નટવરસિંહજી, સમાજ સેવક ભ્રાતા ગુણવંતભાઈ, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. મીતાબેન.

કલોલ સેવાકેન્દ્ર દ્વારા 'મહાશિવરાત્રી પર્વ' નિમિત્તે આયોજીત 'સબકા માલિક એક' ઝાંખી દ્વારા ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. હીનાબેન.

બાંટવા ખાતે 'શિવરાત્રી સ્નેહમિલન'માં બ્ર.કુ. મધુબેન, પુજારી પ્રકાશગીરીજી, પ્રમુખ બાંટવા શોભનાબેન, MD નવયુગ ઈન્ડસ્ટ્રીઝ રવજીભાઈ, સીંધી પંચાયતના ચંદુલાલ, ગુરુદ્વારાના મનહરસિંહ.

આણંદ સેવાકેન્દ્રમાં આયોજીત 'શિવજયંતી મહોત્સવ'માં પ્રાસંગિક પ્રવચન કરતાં બ્ર.કુ. ગીતાબેન, સંતરામ મંદિરના મહંત ગણેશદાસજી મહારાજ, મંત્રી રામકૃષ્ણ સેવા જ્યોત્સનાબેન, બ્ર.કુ. રાજુભાઈ.

પડધરીમાં 'શિવ ઝંડારોહણ' કરતાં મેનેજર બેંક ઑફ બરોડા ભ્રાતા પ્રફુલ્લભાઈ, ગ્રામીણ સુરક્ષા દળના બહેનો, બ્ર.કુ. પુષ્પાબેન.

વ્યારામાં 'શિવ પ્રભાત ફેરી'ને લીલી ઝંડી આપતાં અગ્રણી વ્યાપારી ભ્રાતા કપ્તાનસિંહજી, વ્યાપારી ભ્રાતા મહેશભાઈ, બ્ર.કુ. અરુણાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૦ એપ્રિલ-૨૦૧૭ અંક : ૦૪

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- દંભને દેશવટો ..... તંત્રી સ્થાનેથી ..06
- પ્રસન્નતાના પથ પર ..... બ્ર.કુ. શિવાનીબેન ..08
- અવ્યક્ત સ્થિતિ ..... બ્ર.કુ. સૂર્યભાઈ ..12
- યુવા શોઝ શિવ ..... બ્ર.કુ. વિવેક ..16
- બોલો-ચાલો ..... બ્ર.કુ. જયુભાઈ ..18
- ઈશ્વરને જોઈએ છે - મદદગાર ..... બ્ર.કુ. કિશોર ..19
- પ્રભુને પત્ર ..... બ્ર.કુ. પિનાક ..20
- સુખનું સ્વાગત ..... બ્ર.કુ. જીવણભાઈ ..21
- પરિસ્થિતિ કે સ્વસ્થિતિ ..... બ્ર.કુ. ગિરીશ ..23
- યાદ ..... બ્ર.કુ. કેશુભાઈ ..24
- દેહ અભિમાન પતનનું મૂળ ..... બ્ર.કુ. મધુબેન ..26
- મન અને જીવન ..... બ્ર.કુ. મયુર .28
- સ્લોગન સૌંદર્ય ..... બ્ર.કુ. લીલાબેન ..29
- સેવાકેન્દ્રની ધજાઓ ફરકતી રહી .... બ્ર.કુ. વિઠ્ઠલભાઈ ..30
- બે અને પાંચ પચીસ સમજાવે ..... બ્ર.કુ. વિઠ્ઠલભાઈ ..31
- એજ ખરી બનશે દીવાદાંડી ..... બ્ર.કુ. વિઠ્ઠલભાઈ ..32

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૦.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧૦૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

બ્ર. કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨, ૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

Phone : 079 - 27621551

મુદ્રક : રાજયોગિની સરલાદીદી

પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

ગુજરાત ઝોન મુખ્યાલય :

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ગામડીવાળા ડેરી સામે, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.

Phone : 079 - 25324160, 25324460, 25324660

પ્રકાશન સ્થળ :

રાજયોગ ભવન, ૧, ચતુર્ભુજ કોલોની, ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.

Phone : 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

દંભને દેશવટો

આજની દુનિયામાં સત્ય, સદાચાર, મૂલ્યો અને શ્રેષ્ઠચારિત્ર્યને પ્રાધાન્ય મળવું જોઈએ. તેનાથી જ સમાજમાં સુખ, શાંતિસભર, પ્રેમમય સંસારનું નિર્માણ થશે. આ અપેક્ષા છે. પણ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. એકવીસમી સદીમાં દંભનાં ભિન્ન-ભિન્ન સ્વરૂપો અતિવૃદ્ધિ પામી રહ્યાં છે.

દંભ અર્થાત્ જે નથી, જે સ્વરૂપમાં નથી તેને અભિવ્યક્ત કરવું. દંભ, દેખાડો, કૃત્રિમ પ્રદર્શન, બાહ્યાચાર, સસ્તી લોકપ્રિયતાના પ્રયાસો આ સૌ દંભની દુનિયા છે. મિથ્યાચારની બોલબાલા વધતી જાય છે. આજની આધુનિકતા ભિન્ન-ભિન્ન સ્વરૂપે પ્રગટ થાય છે. વિજ્ઞાને અદ્યતન શોધો, સંચાર સાધનો આપ્યાં. સાયબર મીડિયાનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ કૃત્રિમ ભાવોના પ્રદર્શનમાં પણ વૃદ્ધિ થવા લાગી છે. અદ્યતન શોધોના ફાયદાઓ છે તેમ તેના દુરુપયોગો પણ વધતા જ જાય છે. હવે તો ગુનાખોરી આચરતાં અસામાજિક તત્ત્વો, આતંકવાદીઓ વગેરે તેનો ઉપયોગ પોતાના હલકાં કાર્યો માટે કરે છે.

ગાંધીજીએ રાજકારણમાં પણ સાધનશુદ્ધિ અને સાધ્યશુદ્ધિનો આગ્રહ રાખ્યો. ગાંધીજીને અનુસરતા નેતાઓએ પણ તેમના માર્ગે ચાલીને રાજકારણમાં પણ શ્રેષ્ઠ મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં. તત્કાલીન નેતાઓનાં જીવન કેટલાં આદર્શવાદી, પ્રેરણાદાયી, મૂલ્યો પ્રેરિત હતાં. તેનો અનુભવ જનતાએ કર્યો. આજે પણ તે મહાન નેતાઓને સૌ યાદ કરે છે.

રાજકારણમાં પણ પક્ષને બાજુમાં રાખીને વ્યક્તિગત પ્રભાવ સ્થાપવાનો જે ક્રમ શરૂ થયો તેમાં દિનો દિન વૃદ્ધિ થતી રહી. પ્રભાવશાળી નેતાઓએ પોતાને ગમતાં મૂલ્યો આચરણ, વ્યવહાર પ્રસ્થાપિત કરવાના પ્રયાસો કર્યા. આમ રાજકારણમાં પણ મૂલ્યોનું અધઃપતન વધતું જ ગયું. આજે તો રાજકારણમાં સર્વ કાંઈ સ્વીકાર્ય બન્યું છે.

રાજકારણનો પ્રભાવ સમાજસેવા, શિક્ષણ સંસ્થાઓ વગેરે પર પડવા લાગ્યો. રાજકારણીઓ તેમાં પણ સત્તા સ્થાને હોવાથી તેમની પાસેથી આ ક્ષેત્રોમાં પણ ઉચ્ચ મૂલ્યો જાળવવાં કપરાં બન્યાં. આજે તો કોઈપણ ક્ષેત્ર બદલાતા જતા પ્રવાહથી અલિપ્ત નથી. તેથી ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં દંભ, બાહ્યાચારની બોલબાલા વધતી જ જાય છે.

આપણે મૂળ વાત ઉપર આવીએ. આપણે સત્યતાના રાહ પર છીએ, અધ્યાત્મના રાહ પર છીએ, પરમપિતા શિવ પરમાત્મા અને પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ પ્રબોધેલ શ્રેષ્ઠ રાજયોગના રાહના પથિક છીએ. આજે વિશ્વવ્યાપી સંસ્થા બ્રહ્માકુમારીઝમાં જે મૂલ્યોનું જતન થઈ રહ્યું છે તે પાયાની ઈંટો બનેલાં મહાન આત્માઓનાં ત્યાગ, તપસ્યા, સેવા અને સમર્પણને કારણે છે. હવે આ પરંપરા તેના શ્રેષ્ઠ સ્વરૂપમાં જળવાઈ રહે, શ્રીમતનું યથાર્થ પાલન થતું રહે તે સૌ બ્રહ્માવત્સોનું, યજ્ઞ સ્નેહીઓનું કર્તવ્ય છે.

પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ અધ્યાત્મનાં શ્રેષ્ઠ મૂલ્યોને આચરણ દ્વારા અભિવ્યક્ત કર્યાં. સર્વ ગુણો, સર્વ શક્તિઓ, સર્વ યોગ્યતાઓ તેના મહાન સ્વરૂપમાં અભિવ્યક્ત થયાં. મન, વાણી અને કર્મની એકરૂપતા, દિવ્ય પ્રેમથી નીતરતું અદ્‌ભુત વ્યક્તિત્ત્વ, દેવતાઓનું દિવ્યતાસંપન્ન

વ્યક્તિત્વ સંગમયુગમાં પ્રસ્તુત કરવું. આ સૌ બ્રહ્માબાબાના મહાન વ્યક્તિત્વની યશગાથા છે. કેટલી સાદગી, કેટલું સરલ, મહાન તપસ્વી જીવન! આજ સુધી વાંચેલા પુસ્તકો, જીવન-ચરિત્રોમાં પણ આટલું સંપન્ન પ્રભાવશાળી મહાન જીવન જોવા મળતું નથી.

સંગમયુગનાં ૮૧ વર્ષો પૂરાં થયાં. હવે જે વર્ષો રહ્યાં છે તેમાં ભિન્ન-ભિન્ન વયના સાધકો છે. તેથી હવે સત્યતાના રાહ ઉપર, શ્રીમતને યથાર્થ રીતે અનુસરી તીવ્ર પુરુષાર્થ પ્રતિ પ્રયાણ કરવાનું છે. પ્રત્યેક બ્રહ્માવત્સ બેદાગ હીરા સમાન જીવન જીવીને પરમાત્મ પ્રત્યક્ષતા માટે નિમિત્ત બને.

આપણા જીવનમાંથી દંભને સંપૂર્ણ દેશવટો આપીએ. જે કંઈ નક્કર, અનુભૂતિજન્ય છે તેને જ અભિવ્યક્ત કરીએ. અન્ય આત્માઓના પ્રદાનને બિરદાવીએ પણ કોઈની સિદ્ધિઓને સ્વયંના નામે ના ચઢાવીએ. સમર્પણ કરનારાઓનું ગાયન કરીએ. ખુશામત, વાહવાહ કે પ્રસિદ્ધિની કામનાથી કોઈ કાર્ય ના કરીએ. સર્વનું કલ્યાણ થાય તેવા આપણા પ્રયાસો હોય. સત્તા કે પદ મેળવવા માટે કદી ટૂંકો રસ્તો ના અપનાવીએ.

આપણી અવસ્થા, એકરસ રહે તે માટે સતત પુરુષાર્થ કરીએ. આપણી સાથે જોડાયેલા, સર્વ બ્રહ્માવત્સોના, જિજ્ઞાસુઓના કલ્યાણ માટે નિમિત્ત બનીએ. **જે કંઈ જાદુ થશે તે આપણા દિવ્ય મુખારવિંદ અને દિવ્ય આચરણથી જ થશે, તપસ્યાથી જ થશે. ભવ્યતાના સત્કારમાં દિવ્યતાને ના ભૂલીએ.**

બાબાના યજ્ઞમાં માળાના પ્રથમ મણકાથી છેલ્લા મણકા સુધી સૌ આત્માઓનું મહત્ત્વ છે. દરેકને પરમાત્માએ પસંદ કર્યા છે. તેથી તેનું મૂલ્ય વિશેષ છે. રાજધાની સ્થપાઈ રહી છે, તેથી સર્વ પ્રકારની યોગ્યતાઓવાળા આત્માઓનું હોવું અનિવાર્ય છે. આપણું કામ આત્માઓને પરમાત્મા સાથેના સંબંધમાં જોડવાનું છે. પછીનું કામ સ્વયં પરમાત્મા જ કરાવે છે.

દંભને દેશવટો આપવા માટે,

- **બાપદાદા દરેકના ચૈતન્ય ચિત્રને સજાવેલા રૂપમાં જોવા ઈચ્છે છે,**
- **દરેકના મસ્તકમાં સંપૂર્ણ પવિત્રતાની ચમકતી મણિ હોય.**
- **મસ્તક પર લાઈટ યા ફરિસ્તાપણાનો તાજ દેખાય.**
- **નયનોમાં પવિત્રતાની ઝલક, પવિત્રતાનાં બે નયનોના તારા, રુહાનિયતથી ચમકતા હોય.**
- **બોલમાં મધુરતા, વિશેષતા, અમૂલ્ય બોલ હોય.**
- **કર્મમાં સંતુષ્ટતા, નિર્માણતા હોય.**
- **ભાવનામાં સદા શુભભાવના.**
- **ભાવમાં સદા આત્મિકભાવ, ભાઈ-ભાઈનો ભાવ હોય.**

આવું સજાવેલું રૂપ બાપદાદા જોવા ઈચ્છે છે.

આપણે બાબાની આ અપેક્ષાઓને પૂર્ણ કરવા કૃતનિશ્ચયી બનીએ એજ અભ્યર્થના.

॥ ઓમશાંતિ ॥

- બ્ર. કુ. કાલિદાસ

જેટલા જેટલા અંતર્મુખી સ્વીટ સાઈલેન્સ સ્વરૂપમાં સ્થિત થતા જશો એટલા નયનોની ભાષા, ભાવનાની ભાષા અને સંકલ્પોની ભાષાનો સર્વ આત્માઓને અનુભવ કરાવી શકશો.

●

પરમાત્મા પ્રતિ અર્પણમયતા અને તન્મયતા એજ યોગ છે.

પ્રસન્નતાના પથ પર

બ્ર.કુ. શિવાનીબેન

આપણી સાચી ઓળખ

આપણે જ્યારે ખુશીની વાત કરતા હોઈએ છીએ ત્યારે આપણે જોયું છે કે આપણી મોટા ભાગની ખુશી જતી રહે છે, કારણ કે આપણી માન્યતાઓ એવી છે. ખબર નથી રહેતી કે ક્યારે તે સંકલ્પ આવ્યો અને ક્યારે ખુશી જતી રહી. જ્યારે અચાનક અનુભવમાં આવવા માંડે છે, તે સમયે આાપણને તેની જાણ થાય છે. હવે જ્યારે આપણે જોઈ રહેલ છીએ કે તમામ વિશ્વાસ આપણી સામે આવે છે અને આ મશીનરી કેવી રીતે કામ કરે છે. અગાઉની આપણી વાતમાં આપણે થોડી થોડી વાતો કરી હતી. તે જાણે અજાણે પણ આપણી જે ખુશી છે, આપણો વિશ્વાસ કામ કરતો હતો અને આપણે દુઃખ, પરેશાની ઊભી કરનારી ભાવના ઉત્પન્ન કરવા લાગતા હતા. હવે થોડા આપણે આગળ વધીએ અને સમાધાનની વાત કરીએ.

બ્રહ્માકુમારી શિવાનીબહેન, આમ જોઈએ તો આપણે એક આખો અધ્યાય પૂરો કરેલ છે. જેમાં આપણે દરેક ચીજને પૂરી પૂરી ખોલીને જોઈ છે. તેની કાર્યશૈલીને સમજી છે અને હવે મૂળ વાત આવે છે તેના સમાધાનની.

પ્રશ્ન : એવી કઈ વાત છે કે, જે હું વિચારવા માગું છું, જેથી કરીને મારી ખુશી હંમેશા રહે.

ઉત્તર : આપણા વિષે આપણે જે જાણવાનું છે તે બહુજ મહત્ત્વનું છે કે, 'મારી ખરી ઓળખ શું છે', હું શરીરનો માલિક છું, હું શરીર નથી, જે આજે છે અને કાલે નથી. હવે આપણી એવી અવધારણા નથી કે જે મારે આટલા સમયમાંજ બધું જ પ્રાપ્ત કરી લેવું છે, કારણ કે હું એવી શક્તિ છું જે શાશ્વત છું અને ખુશી અને શાંતિ મારો મૂળ સ્વભાવ છે. આપણે ખુશ રહેવા માટે કોઈ વસ્તુની જરૂર નથી. હું પહેલેથી જ ખુશ છું. આપણે જવાબદારીની વાત કરી તો આપણી અગત્યની પહેલી જવાબદારી છે સ્વયંનું ધ્યાન રાખવાની. 'સ્વ'ના પ્રતિ જવાબદારી, જ્યારે એને નિભાવશો તો બીજા તરફની જવાબદારી વધુ સારી રીતે નિભાવી શકશો. ફક્ત કામ કરાવવાની મારી જવાબદારી નથી, પણ કેવી રીતે કામ કરાવવાનું છે, તે જવાબદારી પણ સારી રીતે નિભાવી શકશો.

આ આપણો જે વિશ્વાસ છે કે, આ આપણને જીવનમાં આગળ વધવામાં રોકી શકે છે કે જીવનમાં રુકાવટ લાવી શકે છે, તે આપણા સંબંધોમાં અડચણ ઉભી કરે છે. તે આપણા ભાગ્યને કેવી રીતે બદલે છે, હવે આ બધું સમજ્યા પછી આખો દિવસ મારે એવું શું કરવાનું છે કે જેથી હું તનાવમુક્ત થઈને મારું જીવન સ્થિર રીતે વીતાવી શકું. અમે શરૂઆતથી જ વાત કરતા આવેલા છીએ કે આપણે આપણા વિચારોને તપાસવા જોઈએ. પણ તેજ બધા માટે કે મોટા ભાગના માટે મોટો સવાલ બની જાય છે કે, કેવી રીતે તપાસીએ ? કારણ કે આપણી અંદર આજે ખૂબ જ અવાજ છે, બહાર પણ શોર બકોર છે પણ બહારના અવાજ તો એક અલગ વસ્તુ છે, પરંતુ તેથી વધુ અવાજ આપણી અંદરનો છે. કોઈ વખત એવું બને છે કે, આપણે જ્યાં બિલકુલ શાંતિ હોય

તેવી જગ્યા પર બેઠા છીએ. અથવા ઘરમાં બેઠા છીએ ત્યાં કાંઈ શોર બકોર નથી. બિલકુલ શાંતિ છે પરંતુ અંદર ? અંદર ખૂબ જ અવાજ થઈ રહેલ હોય છે.

પ્રશ્ન : અંદરનો અવાજ ક્યારેક એટલો ઝડપી હોય છે કે કેટલીક વાર તો તેને સમજી શકવો પણ મુશ્કેલ હોય છે. ક્યારેક આ વિચારો આવે છે તો ક્યારેક તે વિચારો આવે છે. તો ક્યારેક કોઈ ત્રીજી વસ્તુના જ વિચારો ચાલે છે.

ઉત્તર : અંદરથી જે સતત આટલો અવાજ આવતો રહે છે તે આપણા વિચારોનો, આપણા પાછલા અનુભવના અને આપણા પાછલા જન્મોની સ્મૃતિના. એક છે વર્તમાનના જે વિચારો ચાલી રહેલા છે. તે તો એક છે જે પહેલાથી રેકોર્ડિંગ થયેલ છે. ત્રીજું આપણા ભૂતકાળના અનુભવના. હવે આપણે તેને શાંત કરવાના છે. અને તેના માટે આપણે સાવધાનીપૂર્વક પ્રયત્ન કરવો પડશે કે વચ્ચે વચ્ચે તેને શાંત પાડવાનો પ્રયાસ કરવાનો છે. તેને ખતમ કરવાનો નહીં. કોઈ લોકો મનને શૂન્ય કરવા પ્રયાસ કરે છે. અને માને છે કે મેડીટેશન એટલે 'મનમાં કોઈ વિચાર જ ના હોય.' મન એકદમ શાંત થઈ જાય. મન શાંત નહીં થાય, કારણકે તેનું કામ જ વિચારો ઉત્પન્ન કરવાનું છે. હા, તેને મૌન કરી શકીએ છીએ. જેથી તેની ગતિ ધીમી પડે. તેનો સાચી દિશામાં પ્રયાસ કરવો પડશે, તે આપોઆપ નહીં થાય. 'હું એક શાંત સ્વરૂપ આત્મા છું.' જો આ નિર્મિત નથી થતું, તો નિર્મિત ના કરો. તમારી જગ્યાએ બેસીને તમારી અંદર ચાલતા વિચારોનો અવાજ સાંભળવાનો અને તેને જાણવાનો પ્રયત્ન કરો. જેવા તમે તેના પર નજર રાખવાનું શરૂ કરશો કે તરત એ આપમેળે ધીરે... ધીરે ... ધીરે.. ઓછા થતા જશે, જેવા વિચારો થોડા ઓછા થશે, કે તરત તમને રાહતનો અનુભવ થશે. તમારી અંદર શક્તિ આવી ગયેલ છે કારણકે ઘણી બધી શક્તિ ખર્ચાતી અટકેલ છે. જ્યારે આપણે આપણા આખા દિવસનું કામ કરીને ઘેર પાછા આવીએ છીએ. અહીંયા (મનમાં) અંદર ઘણા જ અવાજ હોય છે કારણ કે આખો દિવસ ઓફિસમાં જે થયેલ છે, ઘરમાં જે થયેલ છે, આની સાથે વાત થઈ, આની સાથે બોલચાલ થઈ, આ લક્ષ્યાંક પૂરો ના થયો, આ તમામ વસ્તુઓ ચાલી રહેલ છે અને તેજ પરિસ્થિતિમાં સૂઈ જઈએ છીએ.

આપણે તો સૂઈ ગયા પણ મન શું કરી રહેલ છે ? મનમાં તો ત્યારે પણ અવાજ ચાલુ જ છે. તેમાં આપણે ફરી ટી.વી. સામે બેઠા અને અવાજ ભેગા કરી લીધા. તેથી સુવાના ૧૦ મીનીટ પહેલાં અને સવારે ઉઠવાના ૧૦ પછીનો સમય આપણા જીવનમાં ખૂબ જ અગત્યનો છે. આ સમયનો ઉપયોગ આપણે મનને શાંત કરવામાં કરી શકીએ છીએ અને તે દરમિયાનમાં હકારાત્મક વિચારો મનમાં લાવી શકીએ છીએ. ક્યારેક એવું બને છે કે, શરૂ શરૂમાં આપણે બે-ત્રણ મીનીટ બેસીએ છીએ અને માનીએ છીએ કે ચાલો થઈ ગયું. ના થોડો સમય બેસો, શા માટે ? કારણ કે મનને પણ શાંત થવામાં થોડો સમય લાગે છે. અને તેને મદદરૂપ થવા માટે બીજી વધારાની રીતનો પણ ઉપયોગ કરી શકાય છે અને 'તે છે શબ્દોની સાથે' આપણે આ પૂરી વિધિ દરમિયાન જોયું છે કે જ્યારે આપણી અંદર કોઈ કામ થઈ રહેલ નથી ત્યારે આપણા મનની ગતિને ઓછી કરવા માટે આપણે કોઈ ચોક્કસ વિધિનો પણ ઉપયોગ કરી શકીએ છીએ. બ્રહ્માકુમારીઝમાં એક સુંદર સૂત્ર છે. 'ઓછું બોલો, ધીરે બોલો અને મીઠું બોલો.' તો તેનો અભ્યાસ કરો. તેનાથી જો તમે મનના વિચારોની ગતિ ધીમી નથી કરી શકતા તો ઓછું બોલો. તેથી વિચારોની ગતિ આપોઆપ ધીમી થશે. શબ્દોના સ્તર પર ધ્યાન દેવાથી આપણને ખબર પડે છે કે

શું કરવાનું છે આપણે ઓછું બોલવાનું છે, જે દિવસ ઓછું બોલવાનું છે તે દિવસે નક્કી કરી લો કે આજે એક કલાક માટે ફક્ત અને ફક્ત કામ પૂરતી જ વાતો કરવી છે. તમને ખબર જ છે કે વાતો કેટલી ઓછી થઈ જશે. તમે તમારો અનુભવ સંભળાવ્યો કે ભૂતકાળ અને ભવિષ્યની વાતો નહીં કરવાના કારણે તો કરવાની કોઈ વાત જ મળી નહીં. તો એક દિવસ માટે અખતરો કરીએ કે આજ આપણે ફક્ત કામની હોય તેજ વાત કરીશું. વ્યર્થની વાતો આજ નહીં કરવાનું નક્કી કરીશું તો આપણને અનુભવ થશે કે આજ આપણી ઘણી જ શક્તિ ખોટા વપરાશથી બચેલ છે. અને આ ક્યારેક - ક્યારેક કરવું જોઈએ. આપણે આજ સુધી સાંભળેલ છે કે 'બોલવું ચાંદી છે તો મૂંગા રહેવું સોનું છે.' અને જ્યારે આપણે આ શક્તિ પર ધ્યાન નથી દેતા ત્યારે ઘણી જ શક્તિ બચાવવા માટે પણ ઓછું બોલો જ્યારે તમે ઓછું બોલવાનું શરૂ કરશો તો તે ધીરે ધીરે સ્વભાવગત થઈ જશે.

આજથી દસ વરસ પહેલાં હું ઘણું જ ઝડપથી બોલતી હતી અને મારા માતા-પિતાને સમજાતું નહીં અને તેથી મને ફરી બોલો.. ફરી બોલો... કહેતા અને મારે આ એકને એક વાત ફરી-ફરી બોલવી પડતી પરંતુ મારા બોલવાની ઝડપ ઓછી થતી નહીં મને કહેવામાં આવતું કે, ધીરે બોલો અને મેં ધીરે બોલવાનું શરૂ કરતાં મને ખબર પણ ન પડી કે ક્યારે થોડું ધીરે બોલવાનું શરૂ થયું. કારણ કે મારા મનમાં તો ધીરે થઈ ગયેલ. જ્યારે મનનાં વિચાર ઝડપથી ચાલતા હોય તો આપણા શબ્દ પણ ઝડપથી ચાલે છે. આપણે જોઈએ છીએ કે લોકો વાહન ચલાવતી વખતે પણ વાતો કરે છે. આપણે જોઈએ છીએ કે તેઓ ગમે તેમ બોલતા હોય છે અને તેનાથી આપણને પણ માલૂમ પડે છે કે તે કેટલું ઝડપથી બોલે છે. કારણ કે તે કેટલી ઝડપથી જઈ રહેલ છે. તે આપણને ખ્યાલ આવે છે કોઈ આવી રીતે કરતું હોય તો સમજી જવું કે, તેના વિચારો ઝડપથી ચાલી રહેલા છે અને આ તેની ઓળખ છે.

કેટલાક લોકો ઊંઘમાં બોલતા હોય છે, શા માટે, ઊંઘમાં બોલે છે, કારણ કે મનમાં હજુ પણ વિચારો ચાલી રહેલા છે. તેથી આખો દિવસ ધ્યાન રાખો અને ઓછું બોલો, તથા ધીરે બોલો તો એ સ્વભાવગત થઈ જશે અને જ્યારે ઓછું અને ધીરે હશે તો તે ખોટું હશે જ નહીં.

અમારા બ્રહ્માકુમારીઝ સેન્ટર પાસે આવેલા એક ટેલીફોન એક્ષચેન્જમાં એક સૂત્ર લગાડવામાં આવેલ છે કે, 'ઓછું બોલો, ધીરે બોલો અને મીઠું બોલો.' એક મહેમાન આવેલા અને તેમણે કહ્યું કે ઓછું બોલવાનું છે, ધીમે બોલવાનું અને મીઠું જ બોલવાનું છે. તો છેવટે બોલવાનું શું છે ?

વિચારવાથી લાગશે કે આ અસંભવ છે. પરંતુ તેનો અભ્યાસ કરો. આપણે પ્રયત્ન કરીએ છીએ કે સવારના બે થી ત્રણ કલાક મૌનનો સમય હોવો જોઈએ કારણ કે તે સમય એવો સમય છે કે જ્યારે આપણે આપણા માટે શક્તિ ઉત્પન્ન કરીએ છીએ અને આ શક્તિ આખો દિવસ ઉપયોગી બનશે. દરેકે આ સમય પોતાના માટે નક્કી કરવો જોઈએ. જેવું મન શાંત થશે તેવું જ આપ આપના વિચારોનું જોવાનું શરૂ કરી દો. ધીરે ધીરે આપણને તેનો અભ્યાસ શરૂ થઈ જશે. ક્યારેક અમો બહેનો પણ સપ્તાહના કોઈ એક દિવસે મૌનમાં રહીએ છીએ અને તેને અમો 'મૌન દિવસ' કહીએ છીએ. આજે કશું બોલવાનું જ નથી. ફક્ત એટલું જ યાદ રાખો કે આજે ઓછું બોલવાનું છે તો તે થતું જ નથી અને ગતિવિધિમાં તેના પર સતત ધ્યાન રહે છે. તેથી એક ચોક્કસ દિવસ નક્કી કરી લો કે આજે આપણે મૌન રહેવાનું છે અને તે દિવસે એટલું યાદ રાખો કે આપણે આજ મુખથી અને મનથી મૌન રહેવાનું છે અને તેનાથી આપણી

શક્તિ બચશે અને કોઈ મુશ્કેલી હશે તો તેનો પણ ઉપાય મળશે. સામાન્ય રીતે આપણને જ્યારે કોઈ વાતનું સમાધાન જોઈતું હોય તો સાધારણ રીતે આપણે તે બાબતે વધુ બોલવાનું શરૂ કરી દઈએ છીએ અને પછી આપણે બીજાને કહીએ છીએ કે કોઈ આનો ઉકેલ બતાવશો. આપણે એ વાત ભૂલી જઈએ છીએ કે આનો ઉકેલ તો હું પોતે જ લાવી શકું. કારણ કે તે સમસ્યા મારી છે અને તેનું સમાધાન પણ મારી પાસે જ છે. અને જો હું પોતે જ તેનો રસ્તો કરીશ તો ચોક્કસ સમસ્યાનું નિવારણ થશે જ. પરંતુ આ નિવારણ મૌનથી જ થશે.

પ્રશ્ન : અમોએ એક તરકીબ બનાવી છે કે, એવી કોઈ પરિસ્થિતિ આવે તો અમો કોઈને કોઈ એવો ઉપાય કરીએ છીએ કે અમારે અમારી સાથે રહેવું ના પડે.

ઉત્તર : હા, આપણને બીક લાગે છે કે ખબર નથી કે આમાં શું થશે. આપણા મનને ફક્ત આરામ જ નહીં પણ નવીનતા પણ જોઈએ અને બીજું આપણે આપણી આંતરિક સ્થિતિને સ્થિર રાખવા માટે આપણે આપણી આસક્તિઓને પણ તપાસવી પડશે, ઘણી બધી વસ્તુઓ છે જેમ કે બહારની આસક્તિ લોકોની હોદ્દાની અને એક અંદરની આસક્તિ જેવી કે, યાદ, ધારણા અને ભૂતકાળની એમ અનેક આસક્તિ હશે ત્યાં સાથે શું હશે ? ભય, કારણ કે જ્યાં લગાવ હશે ત્યાં તેને ગુમાવવાનો ભય પણ હશે જ.

આસક્તિ માટે ઘણી વખત લોકો કહે છે કે, સંબંધોમાં લાગણી મહત્ત્વની છે પરંતુ આપણે સમજવું જોઈએ કે સંબંધ અર્થાત્ પ્રેમ. આસક્તિ એટલે ભય, તેથી ભય આપણા સંબંધો માટે સારો નથી અને તેથી આપણે ચકાસવું જોઈએ કે, કઈ બાબતોથી આપણને લગાવ-આસક્તિ છે અને પછી તેને ધીમે ધીમે બંધ કરવી જોઈએ.

સૌ પહેલા આપણે પ્રયત્નો કરીને આપણી આસક્તિની યાદી બનાવી લેવી જોઈએ. આપણે એ જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ કે એવી કઈ-કઈ આસક્તિ છે કે જે આપણને તેની તરફ ખેંચી રહેલ છે. તો તમે તેની અલગથી એક યાદી બનાવી લો. પછી ભલે તો લોકોની હોય કે, હોદ્દાની હોય. કારણ કે આસક્તિ એક સૂક્ષ્મ વસ્તુ છે. ક્યારેક આપણા સિદ્ધાંતોથી પણ બંધાઈ જઈએ છીએ. આપણને એ કેવી રીતે ખબર પડે કે આ આસક્તિ છે. તો તેની નિશાની છે કે જ્યારે આપણને તે ખોવાઈ જવાની બીક લાગે અથવા તો આપણને તેના વિષે કોઈ કાંઈ કહે અને તેનું દુઃખ આપણને લાગે તો સમજવું કે આપણને તે બાબતે લગાવ છે.

(અનુ. બ્ર.કુ. રમેશ, ભાવનગર)

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૧૮નું અનુસંધાન) .... બોલો ચાલો

દુઃખને સાંભળવા માત્રથી સામેનાનું અડધું દુઃખ તો હળવું થઈ જાય. ખભે હાથ મૂકી કહેલા આશ્વાસનના બે શબ્દો તેને રાહત આપે, સુખ આપે. મુખ દ્વારા ઊચ્ચારાયેલા મહિમાના થોડા શબ્દો જીવનમાં ઉમંગ ઉત્સાહની પાંખો બની જાય. ઊભો રહી ગયેલ માણસ ઊડવા માંડે.

જીવન એક યાત્રા છે. લાબા-ગાળાના બોલતા-ચાલતા રહેવાના અભ્યાસથી પણ અંતિમ સમયે બોલતા-ચાલતા વિદાય લઈશું. મનમાં કોઈ અજંપો કે દુઃખ નહીં હોય. કૃત્રિમ શ્વાસ લેવાનો સમય નહીં આવે. કહેવાનું રહી ગયું કે મળવાનું બાકી રહ્યું. એવો વસવસો નહીં થાય. જીવન જીવ્યાનો સંતોષ અને આનંદ હશે. આપણે ધન્યતા અનુભવીશું. માટે બોલો-ચાલો તો રાખજો જ.

॥ ઓમશાંતિ ॥

અવ્યક્ત સ્થિતિ - ઈશ્વરીય ભેટ

બી.કે. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

'ઉઠો, તમારું કર્તવ્ય તમને પોકારી રહ્યું છે.' આંખ ખુલતાં જ સંજીવનું મન આ અવાજથી જાગી ગયું. તે સત્ત્વરે પલંગ ઉપરથી નીચે ઊતર્યો, અને ખુલ્લા આંગણામાં ફરવા લાગ્યો. તે વિચારવા લાગ્યો. 'આ અવાજ ક્યાંથી આવ્યો, શું મારા પરમપિતાએ મારી આળસ દૂર કરવા માટે મને ચેતવ્યો છે કે સમયની માંગ છે?' એની ચેતના જાગી, વિચારપ્રવાહ ઉમટ્યો. ઈશ્વરીય મહાવાક્ય યાદ આવ્યાં. 'સમય તમારી રાહ જોઈ રહ્યો છે.' યાદ આવતાં જ એના વિવેકે કહ્યું, 'સંજીવ, ખરેખર સમય તારા માટે જ થંભ્યો છે, તો તું કોના માટે થોભ્યો છે. તારે કોની રાહ જોવાની છે.'

કોઈ રાહ જોઈ રહ્યું છે કે મારી આ અમુક બીમારી દૂર થાય પછી હું તીવ્ર પુરુષાર્થ કરીશ. કોઈ વિચારી રહ્યું છે મારું આ કામ પૂરું થઈ જાય, પછી હું ચાર્ટ શરૂ કરીશ. કોઈ અટક્યા છે કે મારી આ પરિસ્થિતિ બદલાઈ જાય પછી હું અમૃતવેળાએ ઉઠીશ. કોઈ રાહ જોઈ રહ્યું છે કે કોઈ સારો સાથી મળી જાય, પછી હું ઝડપથી દોડીશ. પરંતુ જે કોઈ કારણથી અટક્યા છે, તેઓ તો અટકેલા જ રહેશે અને દોડનારાઓને કોઈ રોકી શકશે નહીં. આજે એક કામ પૂરું થશે, કાલે બીજું સામે આવશે. એક પરિસ્થિતિ ટળશે તો કાલે બીજી બારણા ખખડાવશે. કારણ સામે રાખનાર કદી પણ મુક્ત થઈ શકતા નથી.

કહેવાય છે કે સમય કોઈના માટે થોભતો નથી. પરંતુ એ લોકો કેટલા મહાન છે કે જેઓ માટે ભગવાને સ્વયં સમયને થંભાવી દીધો છે. પરંતુ એ પણ યાદ રહે - સમયની પણ એક સીમા છે, સમયની પણ પોતાની ગતિ છે તે સૌના માટે થોભતો નથી, સર્વની રાહ પણ જોતો નથી. કેટલાક અમૂલ્યરત્નોના સંપૂર્ણ થવાની જ તે રાહ જુએ છે. એઓ મંઝિલ પર પહોંચશે કે સમયની અંતિમ સીટી વાગશે.

વધારે તક

આ શ્રેષ્ઠ ભાગ્યનું જ લક્ષણ છે કે સ્વયં પરમાત્મા પિતાએ આપણને - રાજઋષિઓને સોનેરી તક આપી છે. અવ્યક્ત સંપૂર્ણ બ્રહ્માને સૂક્ષ્મવતનથી મહાન સેવાઓ કરતાં ૪૮ વર્ષ થઈ ગયા છે. પોતાના સંપૂર્ણ સ્વરૂપથી પોતાના સર્વ ખજાનાઓ તથા સર્વશક્તિઓનો ઉપયોગ કરીને બ્રહ્માબાબાએ આત્માઓમાં બળ ભરવાનું કાર્ય કર્યું. કોણ જાણે કેટલાયે હજારો આત્માઓને એમણે સુરક્ષાનું પ્રદાન કર્યું. કેટલાયે લાખો લોકોનાં બગડેલાં કામો સુધાર્યા. કેટલાયે આત્માઓને નૂતન પ્રેરણાઓ આપી. આ વર્ષમાં જે આત્માઓ સાચા દિલથી, સર્વસ્વત્યાગ અપનાવીને ફરિસ્તા બનવાનો પુરુષાર્થ કરશે તો સફળતા એમના ગળાની માળા બનશે. જે રાજઋષિ સ્વયંને સંપૂર્ણ પવિત્ર બનાવવાની તપસ્યા કરશે, પવિત્રતા એમનો શ્રૃંગાર કરશે. જે યોગી સદાને માટે યોગયુક્ત બનવાની દૃઢતા બતાવશે, તો આ વર્ષ એમને મન ઈચ્છિત ફળ ભેટ સ્વરૂપે આપશે. એક વધુ તક આવી છે કંઈક કરી છૂટવાની, દિલના અરમાનો પૂર્ણ કરવાની.

શુ કરીએ ?

જે ઈશ્વરીય આજ્ઞા છે, તે જ કરવાનું છે. જીવન યોગયુક્ત બનાવવાનું છે, વિચારોને મહાન બનાવવાના છે. સ્વયંને અવ્યક્ત બનાવવાના છે. અવ્યક્ત બનવાનો ઈશારો છે. સ્વયંને અવ્યક્ત બનાવવા માટે જે વાતો ઉપર વિશેષ ધ્યાન

આપવાનું છે, એની સંક્ષિપ્ત પરિભાષા અહીં આપવામાં આવી છે.

વ્યક્તભાવથી મુક્ત બની જઈએ

યુગયુગથી વ્યક્ત સંસાર તથા વ્યક્ત વ્યક્તિઓની સાથે રહેવાને કારણે વ્યક્તભાવ આપણા જીવનનો ઘણો સ્વાભાવિક ભાગ બની ચૂક્યો છે. આપણે બીજાઓ માટે અલગ-અલગ ભાવ ધારણ કરી લીધા છે. ફળ સ્વરૂપે બીજાઓ માટે આપણા મનમાં ભિન્ન ભિન્ન ભાવનાઓ જન્મી ચૂકી છે. ક્યાંક ક્યાંક ઘણી વિકૃત બની ગઈ છે. આપણી બીજાઓ પ્રત્યે જેવી ભાવનાઓ હોય છે, તેવી બીજાઓની આપણા તરફ હોય છે. ભાવનાઓ શ્રેષ્ઠ રહી નથી એટલે પારસ્પરિક સંબંધોમાં કડવાશની દુર્ગંધ અહીં તહીં સર્વત્ર જોવા મળે છે.

ઈર્ષ્યા દ્વેષના ભાવ, ઘૃણા-નફરતના ભાવ, દ્વૈતભાવ યા ભેદભાવ, કાળા-ગોરાના ભાવ, જાતિ-પાતિના ભાવ, ઊંચ-નીચના ભાવ, ગરીબ-અમીરના ભાવ, તારા-મારાના ભાવ આ ભાવોને કારણે ભાવનાઓમાં ભેદ છે. ભાવ અને ભાવનાઓને જ આપણે દૃષ્ટિ તથા દૃષ્ટિકોણ પણ કહી શકીએ છીએ. ખોટા ભાવને કારણે વિરુદ્ધ ભાવનાઓ, અસહકાર તથા બદલો લેવાની ભાવનાનું નિર્માણ થાય છે.

આપણી ખરાબ ભાવનાઓ સર્વપ્રથમ આપણને જ કષ્ટ આપે છે અને પછીથી વ્યવહાર બગાડે છે. જ્ઞાન-યોગના માર્ગ ઉપર ચાલનારાઓએ આ વિભિન્ન ભાવનાઓ બદલીને એક આત્મિકભાવ ધારણ કરવાનો છે. આત્મિકભાવ વધવાથી આત્મીયતાનો ભાવ વધે છે. તેના પરિણામે શુભ ભાવનાઓના બીજ અંકુરિત થાય છે. સારા હોય યા ખરાબ, હિન્દુ હોય યા મુસલમાન, સર્વ-આત્માઓ હોવાને કારણે આપણા જ છે. આ ભાવથી શુભભાવનાઓ વધે છે અને તેનાથી તેઓને પણ આપણામાં આત્મીયભાવ પેદા થશે. તેનાથી નફરત અને ઘૃણાનું પ્રદૂષણ દૂર થશે. આજના પારસ્પરિક ઘૃણાના વાતાવરણમાં આ ભાવને ધારણ કરવાની ઘણી જ જરૂર છે.

આત્મિક ભાવ અર્થાત્ આત્મિક દૃષ્ટિ. આ વર્ષમાં વ્યક્ત દૃષ્ટિથી સ્વયંને મુક્ત કરીએ. વ્યક્તના આકર્ષણથી આપણે મુક્ત બની જઈએ. આ પતિત વ્યક્ત દેહ જે મનને આકર્ષિત કરે છે. તેને જોવા છતાં ન જોઈએ. આ દેહરૂપી ઘરમાં છુપાયેલા મણિને જોવાથી વ્યક્તનું આકર્ષણ સમાપ્ત થઈ જશે.

મનને શુભભાવનાઓથી ભરી દઈએ

જે રાજયોગી સ્વયંનો ભંડાર શુભ-ભાવનાઓથી ભરી દેશે, તેઓ જ આવનાર સમયમાં મહાદાની બનશે. જે ગ્લાનિ કરે છે તેના પ્રત્યે પણ જે રાજઋષિ શુભ ભાવના રાખે છે, જે સાથ સહયોગ નથી આપતા તેમના પ્રત્યે પણ જે રાજઋષિ શુભ ભાવનાઓ વ્યક્ત કરે છે, જે શત્રુઓ તરફ પણ શુભભાવનાઓ વરસાવે છે, જે ઈર્ષ્યા કરે છે તેના પ્રત્યે પણ સ્નેહભાવની શુભ ભાવનાઓ રાખે છે. એનું જીવન સફળ થાય છે. એની તપસ્યા ફળીભૂત થાય છે.

કોઈ આપણા પ્રત્યે ગમે તેવી ભાવના રાખે પરંતુ આપણે તો સર્વને શુભભાવનાઓનું બળ આપવાનું છે. કારણ કે આપણે પૂર્વજ છીએ, આપણે પવિત્ર છીએ. બીજાઓની અશુભ ભાવનાઓ આપણું કંઈપણ બગાડી શકશે નહીં, પરંતુ આપણી અશુભ ભાવનાઓ એનું અકલ્યાણ કરી દેશે. આ રહસ્યને જાણી કદીયે મનમાં કોઈના પ્રત્યે અકલ્યાણની ભાવના પેદા થવી ન જોઈએ.

આ વર્ષે આપણે આપણી શુભભાવનાઓમાં

યોગ તથા પવિત્રતાનું બળ ભરી દઈએ, ત્યારે આપણી શુભભાવનાઓ લેસર કિરણોની જેમ સર્વ વિઘ્નોને દૂર કરીને એનું લક્ષ્ય સિદ્ધ કરશે. પરંતુ જો આપણી શુભભાવનાઓનો પાયો મોહ છે તો તે નિષ્ફળ જશે. તો આવો, સર્વ પ્રત્યે શ્રેષ્ઠભાવ ધારણ કરીને મનને શુભભાવનાઓથી એટલું ભરી દઈએ કે કોઈપણ વ્યક્તિ આપણા દ્વારથી ખાલી ન જાય અને આપણી શુભભાવનાઓ ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરે.

મારાપણાનો ભાવ સમાપ્ત થાય

સૌથી અધિક કષ્ટદાયી છે. 'દૈહિક સંબંધોમાં મારાપણાનો ભાવ.' આ ભાવવશ મન પર સદા ચિંતાઓનો બોજ રહેતો હોય છે. આ મારાપણાના ભાવથી જ અધિકારીપણાનો ભાવ રહે છે અને શ્રેષ્ઠભાવનાઓની જગાએ અનેક કામનાઓ ઉત્પન્ન થાય છે. સ્ત્રી પરનો અધિકાર કામુકતામાં વૃદ્ધિ કરે છે, બાળકો ઉપરનો અધિકાર ક્રોધમાં વૃદ્ધિ કરે છે, તો અન્ય સંબંધોમાં અધિકાર મુશ્કેલીઓને જન્મ આપે છે. આ મારાપણું મોહનું બીજ છે, તો તનાવનું કારણ છે. આ મારાપણામાં અહં સમાયેલો છે. અને આ મારાપણામાં આકર્ષણ પણ છે.

આ વર્ષ 'મારા' ને 'તારા'માં બદલી દઈએ. વારંવાર એકાંતમાં બેસીને સ્વયંને સમજાવીએ - 'મારું કંઈ પણ નથી. આ તન, આ ધન, આ વૈભવ, આ કારોબાર તથા આ સંબંધી કોઈપણ મારું નથી. જેણે આ સર્વ આપ્યું છે તેનું જ છે.' જે યોગી સ્વયંને આ વારંવાર સમજાવી શકશે, તેઓ ડબલ લાઈટ બનીને ફરિસ્તા બની જશે. સ્વયંને જણાવીએ કે - હે આત્મન્, જે ગઈકાલ સુધી તારું નહોતું તેને તું તારું સમજીને તું પરેશાન શા માટે થાય છે તે સૌ તું તારા સાચા સાથી પરમપ્રિય પરમાત્માને સોંપી દે.

વ્યક્ત આકર્ષણોને ભસ્મ કરી દઈએ

વ્યક્ત દુનિયાનાં આકર્ષણો નવી પેઢીના વિચારોને મલિન કરી રહ્યાં છે. દુનિયા એટલી પ્રલોભનવાળી બની ગઈ છે કે સીતા જેવી સાધ્વી પણ સોનેરીમૃગને નિહાળે છે. આત્મિક સુંદરતાને ભૂલીને રાજઋષિ પણ રેડિયો, ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલના ગુલામ બની રહ્યા છે. કલિયુગનું આકર્ષણ તો વધી રહ્યું છે. પરંતુ એને સોનાની લંકાની જેમ યોગીઓએ આ માટી તુલ્ય આકર્ષણને ભસ્મ કરવાનાં છે.

આ વર્ષે સ્વયંને સમજાવો કે શું આ આકર્ષણથી તમે સંતુષ્ટ થઈ શકશો ? શું આ આકર્ષણ તમને તમારી સાધનાઓથી દૂર નહીં લઈ જાય ? બુદ્ધિમાન યોગી માયાના સર્વ સ્વરૂપોને તથા એની સર્વ ચાલને જાણીને એના ઉપર વિજયી બને. સ્વયંને એટલા વિરક્ત બનાવી દઈએ કે ભલે કોઈપણ આકર્ષણ સામે આવે, આપણે તેનો સ્વીકાર કરીશું નહીં. પછી ભલે તે દેહનું આકર્ષણ હોય, ધનનું આકર્ષણ હોય, પદનું આકર્ષણ હોય, ફેશન તથા વૈભવનું આકર્ષણ હોય, માનશાનનું આકર્ષણ હોય, યા સ્થૂળ પ્રાપ્તિઓનું આકર્ષણ હોય, જે પ્રાપ્તિ યોગને નષ્ટ કરે, જે વાત સાધનામાં બાધક હોય તેને લાત મારી દઈએ. વૈરાગ્ય જ અસંખ્ય આત્માઓ ઉપર ઉપકાર કરવામાં સક્ષમ બનશે.

વ્યક્ત બોલ બોલવાનું છોડી દઈએ

બોલ આપણા પરસ્પર સંપર્કનો આધાર છે. બોલ જ આપણી સ્થિતિનું દર્પણ છે. તે બોલ ઘણા અણમોલ છે. જે બીજાઓનું કલ્યાણ કરી દે. જે પથ્થરની જેમ કોઈના મસ્તિષ્ક ઉપર પ્રહાર કરે, તેવા બોલ સાંભળવા કોઈ ઈચ્છતું નથી. થોડું બોલવું, ધીરે બોલવું, મીઠું બોલવું આ વાત તો જૂની થઈ ગઈ. હવે તો ભાવ અને ભાષા પણ

અવ્યક્ત બને એવા અવ્યક્ત બોલ હોય. જે બીજાઓને વરદાન પ્રદાન કરે. બીજાઓને શાપ આપે તેવા બોલ નહીં હોવા જોઈએ.

બીજાઓના બોલને પણ આપણે સારા ભાવથી સાંભળીને ગ્રહણ કરીએ. જો આપણો ભાવ સારો નહીં હોય, તો બીજાઓના પ્રોત્સાહક બોલ પણ આપણને બીનજરૂરી મહિમા લાગશે પરંતુ મહાનતા તો એમાં છે કે બીજાઓના ખરાબ બોલને પણ આપણે સારા રૂપમાં ગ્રહણ કરીએ. દા.ત. વિજ્ઞાન દ્વારા નકામી ચીજોને પણ સારી ચીજો, ઉપયોગી ચીજો બનાવવામાં આવે છે.

ઉપરામ બનીએ

કર્મ કરવા છતાં અવ્યક્તની સ્મૃતિ વધારવાનો સમય છે કર્મ કર્યું અને ઉપરામ બની ગયા, સેવા કરી અને ઉપરામ બની ગયા. બોલ બોલ્યા અને ઉપરામ બની ગયા. આ વર્ષનું આજ લક્ષ્ય હોય, એવો અનુભવ થાય કે આપણે પોતાના માટે કંઈ કરતા નથી. આપણે અહીં છીએ જ નહીં. કર્મ કરવા જ અહીં આવ્યા છીએ. દુનિયામાં રહેવા છતાં પણ એના પ્રભાવથી મુક્ત બનીએ. તો ચેક કરો મન ક્યાં ભટક્યું છે ? બુદ્ધિ ક્યાં ભટકી છે ? આમ એને યોગ્ય ઠેકાણે રાખીએ.

પ્રત્યક્ષતાની પૂર્વ તૈયારી

આજે વિશ્વ વિનાશના કિનારે આવીને ઊભું છે. આતંકવાદ, ગૃહયુદ્ધનાં દૃશ્યો સંપૂર્ણ વિશ્વમાં દેખાઈ રહ્યાં છે. હાહાકારની સાથે જય જયકારના નારા પણ ગૂંજશે. આપણે વિનાશનો ખેલ સાક્ષી બનીને જોવાનો છે અને ભક્તોની મનોકામનાઓ પણ પૂર્ણ કરવાની છે. જેમણે પોતાને અવ્યક્ત ભાવમાં સ્થિત કર્યા હશે, તેઓ જ આ બંને કામ કરી શકશે.

તો ઉઠો, પરમપિતાના વીર સપૂતો, પોતાના મનને શ્રેષ્ઠ વિચારોથી ભરીને જીવનના આ સમરાંગણમાં નિર્ભયતાથી કૂદી પડો. તમારું કર્તવ્ય તમને બેદરકાર નહીં બનાવે. તમારું શ્રેષ્ઠ લક્ષ્ય મહાન લક્ષણોને મેળવશે. હવે એમ જ સમય વીતાવવાનો સમય નથી. હવે સ્વયંને ક્યાંય પણ ભટકાવવાનો સમય નથી.

દૂર નહીં હૈ મંઝિલ, કઠિન નહીં અબ રાસ્તે,
રુક ગયે જો તુમ, સમય રુકેગા નહીં તેરે વાસ્તે

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૧૭નું અનુસંધાન).... **યુવા શોઝ શિવ**

ક્યાંક જૂજ ભક્તોની વચ્ચે આ વિધિ ક્યારે પૂરી થઈ જાય તે કોઈને ખબર પણ નથી હોતી. વળી કેટલાક યાદગારો તો રાહદારીની વચ્ચો-વચ્ચ બન્યા છે. જેઓ હમેશાં સૌને નડતા હોય છે. કેટલાક રાહદારીના મનમાં તો એ યાદગારો સંકલ્પ-વિકલ્પો ઉત્પન્ન કરવા નિમિત્ત બને છે.

વહાલા યુવા ભાઈ-બહેનો, આવી સંખ્યાબંધ યાદગારોને અત્રે રજૂ કરી શકાશે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે શિવપિતાએ આપેલી શ્રીમતને ધારણ કરીશું તો માત્ર વર્તમાન સમય જ નહીં પરંતુ સંપૂર્ણ સંસાર ચક્રને સુધારી શકીશું. આપણે પોતાની જાતને સંસાર ચક્રના આધારમૂર્ત છીએ એ મહેસૂસ કરવું જ રહ્યું. આપણા દરેક સંકલ્પ, વચન, કર્મ થકી આ સંસાર પ્રભાવિત છે. આજે સંસારમાં જે કાંઈ પણ થઈ રહ્યું છે તેનો સીધો સંબંધ આપણી સાથે છે એ નિશ્ચયની સાથે-સાથે પોતાની જાતને જવાબદાર સમજીએ. બ્રાહ્મણ જીવનની કર્તવ્યપરાયણતાને ધારણ કરીએ. એ જ યુવા શોઝ શિવની અંતર્ભાવના છે.

॥ ઓમશાંતિ ॥

યુવા વિભાગ

યુવા શોઝ શિવ !

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

જ્ઞાન અને યોગની અસર આ સંસાર પર કેવી રીતે થાય છે. અત્રે પછીના બે વિષયો ધારણા અને સેવા પૈકી ધારણાની અસર સંસાર ચક્ર અને વારસા ઉપર શું છે એની ચર્ચા કરી છે.

ધારણાનો અર્થ છે ગુણોની ધારણા. એમાં પણ ખાસ પવિત્રતાની ધારણા, શ્રીમત પર ચાલવાની ધારણા, ખાન-પાનની શુદ્ધિ તથા સંબંધ-સંપર્કમાં આવવાળા સાથેનો વ્યવહાર વગેરે-વગેરે. શિવ પિતાએ કહ્યું છે કે જ્યારથી આપણે જ્ઞાનમાં આવ્યા ત્યારથી લઈ સૃષ્ટિચક્રના અંત સુધી કેટલા નિર્વિઘ્ન રહ્યા ? કેટલી દુઆઓનો ખજાનો જમા કર્યો ? તથા કેટલા વિધિવત જ્ઞાનમાં ચાલ્યા ? તેના આધારે સંસાર ચક્રમાં પાર્ટ અને જન્મો નક્કી થાય છે. અખંડ પવિત્રતા, શ્રીમત પર ચાલવાની ચોકસાઈ (Accuracy), નિયમિતતા (Punctuality), ઈમાનદારી, વફાદારી અને દુઆઓનો ગ્રાફ જ સાધકને પૂર્ણકાલીન સંપૂર્ણ પ્રાપ્તિની અનુભૂતિ કરાવશે. શિવપિતાએ કહ્યા મુજબ પ્રાપ્તિમાં ત્રણ સ્ટેજ છે. પ્રથમ સ્ટેજ એટલે પ્રત્યક્ષફળ, દ્વિતીય સ્ટેજ - ભવિષ્યફળ એટલે સતયુગ-ત્રેતામાં પ્રારબ્ધ અને તૃતીય સ્ટેજ છે ભક્તિમાર્ગમાં બનેલી યાદગાર સ્વરૂપે વિધિ-વિધાન.

પ્રત્યક્ષ ફળ

આપણે કરેલા કર્મ અથવા ધારણાથી થયેલા જમાનું ખાતું ચેક કરવાનો આધાર પ્રત્યક્ષ ફળ છે. અર્થાત સતયુગ - ત્રેતાના ૨૦ જન્મની પ્રાપ્તિનો આધાર સંગમયુગનો આ નાનકડો બ્રાહ્મણ જન્મ છે. બ્રાહ્મણ જન્મ એટલે યુક્તિયુક્ત, યોગયુક્ત અને ધારણાયુક્ત પવિત્ર જન્મ. શિવપિતાના બન્યા પછી ધારણાના વિષયનું અવમૂલ્યન કરીએ ત્યારે અનુભવાતી સ્થિતિ એ શૂદ્રપણું છે. વર્તમાન જીવન એ શૂદ્ર છે કે બ્રાહ્મણ છે એના આધારે આપણું ભવિષ્ય નક્કી થવાનું છે. વર્તમાન જીવન જ એ પ્રત્યક્ષ ફળ છે. માટે જ શિવપિતા કહે છે કે બ્રાહ્મણ જીવન એ શ્રેષ્ઠ તથા દુર્લભ જીવન છે. આ જન્મ કોટોમાં કોઈને જ પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ જીવનની એક પળ પણ વ્યર્થ ખાતામાં જમા થાય છે તો એની અસર આવવાવાળા સતયુગ-ત્રેતાના ૨૦ જન્મો પર થવાની છે. જો આ જન્મ ધારણાયુક્ત ન હોય તો ભવિષ્યમાં મળતા ૨૦ જન્મની કોઈ ગેરન્ટી નથી કે આપણને રાજ-ઘરાનાનું કે શાહુકાર ઘરાનાનું મળશે જ !

૨૧ જન્મની પ્રાપ્તિ માટે શિવપિતાએ કેટલીક બાબતોનું ધ્યાન દોર્યું છે.

- ઉઠતાંની સાથે જ વિજયનું તિલક ધારણ કરો કે હું આત્મા કલ્પકલ્પનો વિજયીરત્ન છું. હું આત્મા વિજયી હતો, વિજયી છું અને સદા વિજયી રહીશ.
- લાઈટ અને માઈટનો ડબલ તાજ ધારણ કરો કે જેથી હું આત્મા સદા સિદ્ધિસ્વરૂપ બની શકીશ તથા સદા વિજયનો અનુભવ કરી શકીશ.
- સદા ઉત્સાહમાં રહી સર્વને ઉત્સાહમાં રાખી સૌને આગળ વધારવાના છે. ઉમંગ-ઉત્સાહના કંગનને ધારણ કરી દરેક વાતમાં પોતાના માટે કે પછી બીજાના માટે મોલ્ડ થવાની શ્રીમત આપી છે.

શિવપિતાએ આપેલી શ્રીમતના આધારે આપણે પોતાની જાતને ચેક કરીએ કે હું આત્મા સદા વિજયી છું ? સદા લાઈટનો (હલ્કાપણાનો) અનુભવ કરું છું ? સદા શક્તિસ્વરૂપનો અનુભવ કરું છું ? શું દરેક પરિસ્થિતિમાં હું પોતાની જાતને મોલ્ડ કરી શકું છું ? શું હું સદા ઉમંગ-ઉત્સાહમાં રહી બીજામાં ઉમંગ-ઉત્સાહ ભરી શકું છું. આ બાબતનું ચેકીંગ ભવિષ્યફળને પ્રત્યક્ષ કરી શકશે. કારણ કે, સંગમયુગના સંસ્કાર જ ભવિષ્યમાં પ્રાપ્ત પ્રતિષ્ઠાને પ્રસ્થાપિત કરશે.

ભવિષ્યફળ

સતયુગ - ત્રેતામાં જે પદ કે પ્રતિષ્ઠા આત્માને પ્રાપ્ત થાય છે એને વર્તમાન સમયમાં કરેલાં પુરુષાર્થનું પ્રારબ્ધ કે ભવિષ્યફળ કહેવાય અર્થાત્ સંસારચક્રની વ્યવસ્થા પર જ્ઞાન અને યોગની અસર થાય છે તેટલી જ અસર ધારણાની પણ થાય છે. ધારણા વિષયમાં એટલી તો તાકાત છે કે જે આપણને મળતા જન્મ કે ઘરાનાની ક્વાલીટી પ્રભાવિત થાય. ધારણાના આધારે મહારાજા-મહારાણી, રાજા-રાણી, તેઓના દાસ-દાસી, શાહુકાર, પ્રજા તેમજ પ્રજાના દાસ-દાસી નિશ્ચિત થશે. મહારાજા-મહારાણી બનવા માટે સદા વિજયી, સદા સિદ્ધિ સ્વરૂપ, સદા નિર્વિઘ્ન, સદા ઉમંગ-ઉત્સાહી, સદા દાતા-વિધાતા-ભાગ્યવિધાતા, સદા સુખદાયી-દુ:ખહર્તાના સંસ્કાર ધારણ કરવાની આવશ્યકતા છે. મહારાજાની સચ્ચાઈ, મિલનસાર, પાલનહાર, સર્વના સ્નેહી, ન્યાયપ્રિય તથા બેહદની શુભ ભાવના - શુભ કામનાના સંસ્કાર અત્યારથી જ ધારણ કરવાં આવશ્યક થઈ જાય છે. સંપૂર્ણ બ્રાહ્મણ જીવનના આદિથી આ સંસ્કાર નહીં હોય તો ૨૧ જન્મનાં સંપૂર્ણ વારસાના અધિકારી બની શકાશે નહીં.

ભક્તિમાર્ગમાં યાદગાર

શિવપિતાએ કહ્યું છે કે વર્તમાન સમયે બ્રાહ્મણોના દરેક સંકલ્પ, બોલ તથા કર્મની છાપ એટલે દ્વાપરયુગથી શરૂ થતા ભક્તિમાર્ગની યાદગાર ! આજે ભક્તિમાર્ગમાં જે વિધિ-વિધાન બન્યા છે તેનો સીધો સંબંધ બ્રાહ્મણો સાથે છે. આપણે અનુભવીએ છીએ કે ભારતમાં અનેક પ્રકારની યાદગારો બની છે. કેટલીક યાદગારો નિરાકારી સ્ટેજની છે, કેટલીક આકારી તો કેટલીક સાકારી સ્ટેજની છે. નવરત્નોની તથા વિવિધ પથ્થરોની અંગુઠી, શાલિગ્રામ, વૈજયંતીમાળાના સ્વરૂપમાં તથા દરેક શુભકાર્યોમાં સોપારીની પૂજા, કીર્તન, ભજનો, મંત્રો, આરતી, શાસ્ત્રો, કથા, તેમજ બાર જ્યોતિર્લિંગમ્, બ્રહ્માજી, અંબાજી, શ્રીકૃષ્ણ, શ્રીરામ, દેલવાડા, હનુમાનજી, ગણેશ, અઘરદેવી, શક્તિપીઠો તથા અનેક દેવી-દેવતાઓના મંદિરો એ સંગમયુગની વિવિધ યાદગારો છે. અહીં કેટલાક મંદિરોમાં વિધિવત પ્રાણ પ્રતિષ્ઠા થાય છે તથા રોજ વિધિવત પૂજા-અર્ચના થાય છે તો ક્યાંક વિશાળ પાયા પર વર્ષમાં એકાદ સમયે ઉજવણી થાય છે. તો કેટલાક મંદિરોમાં પૂજારી સિવાય કોઈ ભક્ત ફરકતું પણ નથી. ક્યાંક વિશાળ મંદિરો સ્થાપિત કરી હજારોની સંખ્યામાં ભક્તો અનુષ્ઠાન કરે છે તો ક્યાંક શેરીની દેરી બનાવી સવાર-સાંજ નાનકડો દીપક પ્રગટાવી સમાધાન માની લે છે. ક્યાંક વિધિવત થાળ ધરાવવામાં આવે, ૩૬ પ્રકારનાં ભોગ ધરાવવામાં આવે, તેના દર્શન કરવા માટે પડાપડી થાય તો ક્યાંક મંદિરોમાં નામ માત્ર થાળ સામે ઢાંકીને મૂકી દેવામાં આવે છે. ક્યાંક મંગળ આરતી કરી જગાડવાથી માંડી રાત્રે વિધિવત લોરી ગાઈ ઉંઘાડવા સુધીની દરેક વિધિ માટે હજારો ભક્તો ઉમટી પડે, તે વિધિમાં હાજર રહેવું એટલે ભાગ્ય માની ધન્યતાનો અનુભવ કરે છે તો

(અનુસંધાન પેજ નં. ૧૫ પર)

બોલો - ચાલો

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

થોડા સમય પહેલા મારા એક ખાસ મિત્ર તેમની પત્ની સાથે મળવા આવ્યા હતા. જે હાલમાં જ તેમના પુત્રને ત્યાં અમેરિકા જઈ પરત ફર્યા હતા. મેં સહજ રીતે પૂછ્યું કેમ અમેરિકા સારું લાગ્યું ? ત્યારે મુખ પર નારાજગીના ભાવ સાથે બંન્નેએ કહ્યું, આમ તો બધું સારું પણ ત્યાં અહીંની જેમ બોલો-ચાલો નહીં એટલે ઓછું ગમે.

મનમાં થયું તદ્દન સાચી વાત છે બોલો (વાતચીત) અને ચાલો (એક બીજાને મળ્યા) વગર તો જીવન શી રીતે જીવાય ? સાધના કે તપસ્યાના માર્ગમાં મૌન અને એકાંતની આવશ્યકતા ખરી પરંતુ લૌકિક જીવનમાં સુખનો, ખુશીનો, આનંદનો અનુભવ કરવો હોય તો બોલતા-ચાલતા તો રહેવું પડે. કાં તો સાચી સાધના દ્વારા એક સાથે જ બોલવા કે ચાલવાના અભ્યાસી થવું પડે. ત્યાગીને ભોગવતા આવડવું જોઈએ. અને ત્યારે જ બુદ્ધની જેમ વૈરાગ્યથી મળતા સુખનો અનુભવ થાય.

આમ તો આ હળવું, મળવું, બોલવું એ કળા છે. અને આ કળા હસ્તગત કરી શકે તે ગમે ત્યાં જીવનને માણી શકે અને ત્યારે ક્યાંય પણ જઈએ અણગમો પેદા ન થાય. નવી વ્યક્તિ, નવું સ્થાન જીવનમાં નવીનતમ સુખ આપે.

આંખ, કાન, નાક જેવી જ્ઞાનેન્દ્રિયો દ્વારા વ્યક્તિ શું અનુભવી રહ્યો છે એ કળવું મુશ્કેલ છે. પરંતુ હાથ, પગ, વાણી જેવી કર્મેન્દ્રિયો દ્વારા વ્યક્તિની અભિવ્યક્તિ દેખાય છે. બોલ-ચાલ તો જોઈ શકાય છે. અને તેની સીધી અસર સામેની વ્યક્તિ પર પડે છે. બાહ્ય જગતને ભલે આપણે જ્ઞાનેન્દ્રિય દ્વારા ઓળખતા હોઈએ. પરંતુ આપણી અંદરના જગતની જાણ તો અન્યને સૌ પ્રથમ બોલ-ચાલથી જ થાય છે. બાળક બોલતું કે ચાલતું થાય ત્યારે પરિવારમાં કેવી ખુશી છવાઈ જાય છે. આસપાસમાં પેંડા વહેચાય છે. કેટલો આનંદ આપનારી હોય છે એ પળો. પ્રસન્નતાની આ પળો કોને ખોવી ગમે અને માટે જ માનવ જીવનમાં બોલો-ચાલો તો હોવો જ જોઈએ. એના વિના બધુ સૂનું સૂનું લાગે. અવર-જવરમાં સલામતી છે. આવજોમાં ફરી આવવાનું નિમંત્રણ છે. બાયની જેમ છૂટા પડવાનો સંકેત નથી. આવતા-જતાં રહેવાથી સંબંધો મજબૂત રહે છે. ક્યારેક સંબંધો વણસે ત્યારે કહેવાય જાય છે એમને તો બોલવા-ચાલવાના પણ સંબંધ રહ્યા નથી. આપણા બોલવાથી સામેની વ્યક્તિ દ્વિધામાં મૂકાશે એવું લાગે તો યુક્તિ-યુક્ત બોલવું પણ બોલવું તો જોઈએ. આ કળા હસ્તગત કરવા બાબાએ કેટલું સુંદર સૂત્ર આપ્યું છે.

'કમ બોલો, મીઠા બોલો, ધીરે બોલો, સોચ કે બોલો' ટૂંકમાં શિવબાબા જેવું બોલીએ.

ધીરજ ધરીને સમાધાન કે જતું કરીને પણ બોલતા-ચાલતા તો રહેવું જ, હળતા મળતા રહેવાથી અંતર મનના અંતર ઘટે છે. એકબીજાની નજીક આવવાથી જ અંદરની વાત સમજાય છે. ગેરસમજ દૂર થાય છે. પરસ્પર લાગણીઓની આપ લે થતાં હૈયું હળવું થાય છે. ભારેખમ હૈયું ઠલવાય છે. મતભેદ હોઈ શકે પણ મન-ભેદ નહીં. મળતા રહેવાથી, સમીપ જવાથી અસમાનતા દૂર થાય. જીવનમાં આસપાસ કોઈ ન હોય તો એકલવાયું લાગે. સમય કાઢવો કઠિન બને. આવનારને મીઠો આવકારો આપી તેના

(અનુસંધાન પેજ નં. ૧૧ પર)

ઈશ્વરને જોઈએ છે : મદદગાર

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી

કહેવાય છે કે જેનું કોઈ નથી તેનો ઈશ્વર મદદગાર છે. તો જે સર્વનો સહાયક છે તેને સહાયક અર્થાત્ મદદગાર જોઈએ છે એ વાત વિચિત્ર લાગે છે ને ? પરંતુ આ એક હકીકત છે જેની આજે વાત કરીશું.

માનવ જ્યારે મુશ્કેલીમાં મૂકાય છે ત્યારે તે પરમાત્માને પોકારે છે અને પરમાત્મા તેની મુશ્કેલી દૂર કરે છે એવા અનેક પ્રભુ-પરચા છે તે આપણે જાણીએ છીએ. પરંતુ ઈશ્વરને શું એવું કષ્ટ પડ્યું કે તેને મદદગારની જરૂર પડી ? આવો સવાલ મનમાં થાય છે ને? તો ચાલો તેનો જવાબ જાણીએ. એટલું જ નહીં પરંતુ એ દયાળુ ઈશ્વરને ખરેખર આપણી મદદની જરૂર છે તો શું આપણી ફરજ નથી કે તેમને મદદ કરીએ ? અરે, ઈશ્વરના મદદગાર બન્યાનું ગૌરવ લઈએ. ઈશ્વર પોતાના મદદગારને માલામાલ કરી દે છે. તેથી ચાલો જોઈએ કે ઈશ્વરને આપણી ક્યા પ્રકારની મદદ જોઈએ છે? ઈશ્વરના મદદગાર બનવાનું સૌભાગ્ય સાંપડતું હોય તો તો એના જેવું ઉત્તમ કાર્ય ભલા કેમ ચૂકાય ? આવું મનમાં થાય છે ને ? તો ચાલો જાણીએ કે ઈશ્વરને શેની મદદ જોઈએ છે ?

એક ગામડામાં 'પટેલ વાસણ ભંડાર' નામની દુકાનનું બ્રહ્માકુમારીજીના વરદ્ હસ્તે શુભ ઉદ્ઘાટન કરવાનું હતું. ઉદ્ઘાટન પહેલાં જે પ્રસ્તાવના રજૂ થઈ એ ઈશ્વરના મનની વાત કહી જાય છે કે તેને શેની મદદ જોઈએ છે ? ગામડામાં મોટા ભાગની વસ્તી પટેલની હોઈ 'પટેલ વાસણ ભંડાર'ના ઉદ્ઘાટનમાં સમગ્ર પટેલ સમાજ એકત્રીત થયેલ હતો. તેમને સંબોધન કરતાં એમ કહેવામાં આવ્યું કે, 'પટેલ વાસણ ભંડાર'ના ઉદ્ઘાટનમાં પધારેલા ભાઈઓ અને બહેનો, 'પટેલ' શબ્દનું આધ્યાત્મિક રહસ્ય જાણો છો ?' તો જવાબ મળ્યો : 'ના', એની ખબર નથી' તો તે બાબત સમજાવતાં કહેવામાં આવ્યું કે, 'જુઓ, પટેલ શબ્દનો પહેલો અક્ષર જે 'પ' છે તે ગુજરાતીના 'પાંચ'ના આંકડા (સંખ્યા) જેવો જ છે ને? હવે ઉપરવાળાએ આ ધરતી ઉપર આવીને પાંચ વસ્તુની 'ટેલ' (ટહેલ) નાખી છે. જેમ કોઈ ટેલીયો કોઈ ગલી કે શેરીમાં આવીને તેની જરૂરિયાત મુજબ રૂ. ૨૧, ૫૧ કે ૧૦૧ની ટેલ નાખે છે. તેમ ઈશ્વરે પાંચ વસ્તુની જે ટેલ નાખી છે એ છે - કામ, ક્રોધ, લોભ, મોહ અને અભિમાન. આ પાંચ વસ્તુની ટેલ જે પૂરી કરે તે સાચા 'પટેલ' કહેવાય. આ છે પટેલ શબ્દનું આધ્યાત્મિક રહસ્ય. આ ટેલ નાખીને ઈશ્વર જાણે પેલું ગીત ગાતા હોય એવું લાગે કે - 'તેરે દ્વાર ખડા ભગવાન, ભગત ભર દે રે ઝોલી.. ઓ ભગત, ભર દે રે ઝોલી !'

ઈશ્વર તો આપણા પરમપિતા છે. તેની ઈચ્છા પૂરી કરવી એ આપણી પવિત્ર ફરજ છે, ખરું ? આ 'ટેલ' એ કાંઈ 'પટેલ' લોકો માટે જ નથી. આ તો તેને નિમિત બનાવીને સર્વ કોઈને કહેવાયું છે કે ઈશ્વર આપણી પાસેથી શેની મદદ ઈચ્છે છે ?

હવે મનમાં એક સવાલ એવો થાય કે, ઈશ્વર તો સર્વ શક્તિવાન છે. તે ધારે તો એક ઝાટકે આપણી પાસેથી તેની ટેલ પૂરી કરાવી શકે છે. ખરું? વળી એ પણ સવાલ થાય કે આવી 'ટેલ' નાંખવાની તેને શું જરૂર પડી ? ચાલો, તેનો રસપ્રદ જવાબ જાણીએ.

સૃષ્ટિચક્રમાં કલ્પના અંતે એટલે કે કલિયુગના અંતે ઈશ્વર પોતાનું ગુપ્ત કાર્ય કરવા આ ધરતી પર આવે છે. આ ગુપ્ત કાર્ય એટલે સ્વર્ગની સ્થાપનાનું કાર્ય. આ સ્વર્ગની સ્થાપનામાં

જે મદદગાર બને છે. તે સ્વર્ગમાં આવી શકે છે. સ્વર્ગીય સુખ આપણને આપવા માટે જ ઈશ્વર આપણી મદદ માગી રહ્યા છે! જે ઈશ્વરને ઓળખે છે, જે ઈશ્વરના આ ઉમદા કાર્યને ઓળખે છે. જે હાલ ચાલી રહેલ સૃષ્ટિચક્રના ઉત્તમ સમયને ઓળખે છે તે ઈશ્વરના મદદગાર અચૂક બની જાય છે. સ્વર્ગનું પોતાનું એડવાન્સ બુકીંગ કરાવી લે છે.

ઈશ્વરના મદદગાર બનવું એટલે સ્વર્ગનો પાસપોર્ટ મેળવવો. આ પાસપોર્ટ મેળવવા- ઈશ્વરના મદદગાર બનવા કોણ માર્ગદર્શક હશે એ સવાલ થાય છે ને ? લાખો નિરાશામાં જેમ એક અમર આશા છૂપાયેલ હોય છે તેમ આ હળાહળ કળિયુગમાં એક માત્ર પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય આ બાબતમાં આપણું માર્ગદર્શક બને છે !! તે જ ઈશ્વરની સાચી ઓળખ આપે છે. તે જ ઈશ્વરના ગુપ્ત કાર્યને સમજાવે છે અને તે જ સૃષ્ટિચક્રના રહસ્યભર્યા શ્રેષ્ઠ સમયને ઓળખાવે છે ! તે પણ માત્ર સાત દિવસમાં રોજ એક કલાક આ વિદ્યાલયની મુલાકાતે જઈ ઈશ્વરના મદદગાર બનવાનું સૌભાગ્ય મેળવવાની સમજણ આપે છે.

તો ચાલો, આપણે દુઃખી દુનિયાના દુઃખમાંથી છૂટવા ઈશ્વરના કાર્યમાં મદદગાર બનીએ અને એમ કરીને સ્વર્ગીય સુખનો અનુભવ આ જન્મમાં જ કરીએ. આપણા ભવિષ્યને ઉજ્વળ કરવા આપણે જ ઈશ્વરના મદદગાર બનવું પડે ને? ઈશ્વર જેવો ધણી હોય તેના મદદગારના ભાગ્યની તો વાત જ શું કરવી ? આ તો જીવનને ધન્ય બનાવવા જેવી વાત છે ! શુભ કાર્યમાં ઢીલ ન કરાય. તેથી આજ-આજ-ભાઈ, અત્યારે આજ-આજ-બહેન, અત્યારે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં પહોંચી જઈએ. (રોજ સવારે ૮ થી ૧૧ની વચ્ચે અને સાંજે ૪ થી ૮ની વચ્ચે) ઈશ્વરના મદદગાર બની જઈએ.

॥ ઓમશાંતિ ॥

પ્રભુને પત્ર

બ્ર.કુ. પિનાક, અમદાવાદ

પ્રાણ પ્યારા મીઠા મીઠા બાબા,

ત્રીસ વર્ષની યુવાનવયે આપ મને મળ્યા અને મારા જીવનમાં અતીન્દ્રિય સુખની વસંત મહેંકવા લાગી. આજે જીવન સંધ્યાની વેળાએ પણ એજ ઉમંગ, ઉત્સાહની પાંખો વડે સતત ખુશીનાં ગીત ગાયા કરું છું. મન મયૂર, મસ્ત બનીને આપના પ્રેમમાં નર્તન કરે છે. જીવનની પ્રત્યેક પળ સોનેરી, સુખદાયી અને ચઢતી કળાનો અનુભવ કરાવે છે.

વિશ્વમાં ચારે બાજુ સમસ્યાઓની આગ સળગી રહી છે. તેની વચ્ચે આપની છત્રછાયામાં, બ્રહ્માવત્સોનાં રુહાની સ્નેહ, ત્યાગ, તપસ્યાના કિલ્લા વચ્ચે સુરક્ષિતતાની અનુભૂતિ થાય છે. દાહક ગ્રીષ્મ પણ માઉન્ટ આબુની શીતળતાનો અનુભવ કરાવે છે. પાંડવભવનનાં ચાર ધામોની યાત્રાએ પહોંચું છું અને શીતળતા, શાંતિ, રુહાની ખુશી અને અતીન્દ્રિય સુખમાં મગ્ન બની જાઉં છું.

મીઠા બાબા, આપે અમારા માટે પુરુષાર્થની દીવાદાંડીરૂપ આદર્શ દૃષ્ટાંતો પ્રસ્તુત કર્યાં છે. સાધનાપથ ઉપર સરળતાથી ચાલી શકાય તેવા સ્થૂળ સૂક્ષ્મ સાધનો પણ સહજ પ્રાપ્ત બનાવી દીધાં છે. બ્રહ્માકુમારીઝની વિશ્વવ્યાપી લોકપ્રિયતા વધતી જ જાય છે. ચારે બાજુ પ્રેરણાઓના ફુવારાઓ ઉમંગ ઉત્સાહમાં વૃદ્ધિ કરી રહ્યા છે. આ માટે મીઠા બાબા આપનો પદ્માપદ્મ આભાર માનું છું.

આપનો પદ્માપદ્મભાગ્યશાળી પુત્ર

સુખનું સ્વાગત

બ્ર.કુ. જીવણભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

મનુષ્ય પોતાના જીવનમાં સુખ પ્રાપ્તિ માટે નિરંતર પુરુષાર્થ કરતો રહ્યો છે. સુખ-દુઃખની આસપાસ તેનો સંસાર રચાયેલો છે. સુખની પરિભાષા પણ વ્યક્તિ પોતાની વિચારસરણી, આદર્શ અને ધ્યેય અનુસાર નક્કી કરે છે અને પોતે માની લીધેલા સુખને મેળવવા તે અવિરત પુરુષાર્થ કરે છે.

વાસ્તવમાં સુખ બે પ્રકારનાં છે. (૧) દૈહિક સુખ (૨) આત્મિક સુખ. આજનો માનવી દેહ અને દેહ આધારિત દુનિયામાં વિશેષ રચ્યો-પચ્યો રહેતો હોય છે. તેનામાં દેહઅભિમાન વિશેષ પ્રમાણમાં જોવા મળે છે એટલે તેની પ્રવૃત્તિઓમાં પણ દેહઅભિમાનના પ્રતિબિંબો ડોકિયા કર્યા વગર રહી શકતા નથી.

મનુષ્ય ખાસ કરીને ભૌતિકતા દ્વારા સુખની શોધ કરતો હોય છે. એ માને છે કે જેની પાસે ધન દોલત છે સંપત્તિ છે તે સુખી છે. સમાજમાં તેનું માન-સન્માન હોય છે. આવી વિચારસરણીવાળા લોકો દિનરાત ધનપ્રાપ્તિની સ્પર્ધામાં દોડતા જ રહે છે અને તે સુખ તેનાથી દૂર ભાગે છે ક્યારેક તે માનસિક તણાવનો પણ અનુભવ કરે છે. યંત્રવત જીવનના પરિપાક રૂપે તે શારીરિક સ્વાસ્થ્ય ગુમાવે છે. ધન, સમય ખર્ચાય છે. સ્વસ્થતા અને શાંતિ જોખમાતા સ્વભાવમાં સંઘર્ષ કરવા પડે છે આ બધી પ્રતિકૂળતાઓમાં ધ્યાન, મનન, ચિંતન, પ્રાર્થનાની ખાસ આવશ્યકતા છે. પણ આજકાલ તે ઓછી કે નહિવત જોવા મળે છે.

દરેક મનુષ્ય યોગી, તપસ્વી કે સંત ન બની શકે પણ સજ્જન, આદર્શ માનવ તો જરૂર બની શકે. નીતિમત્તાના ધોરણો સાચવી નિષ્ઠાપૂર્વક, પ્રમાણિકતાથી કરેલા પુરુષાર્થથી જે સુખ મળે છે તે સ્થાયી બની ટકે છે.

બીજા પ્રકારનું સુખ છે. આત્મિક સુખ. જ્યાં દેહ કરતાં માનવને આત્માની ઓળખ વિશેષ હોય છે. આત્માના ગુણો પ્રેમ, શાંતિ, જ્ઞાન, આનંદ, પવિત્રતા, શક્તિ, પ્રકાશ વગેરેને જાણી તેની લક્ષ્મણરેખામાં રહી જો આત્મા પોતાનું કાર્ય કરે તો તેને સુખની અનુભૂતિ વિશેષ થાય છે. આત્માને ઓળખવાથી આત્માનુભૂતિ થતાં પરમાત્માનુભૂતિ પણ સાહજિક બને છે તેથી આત્મા એક વિશેષ શક્તિનો અનુભવ કરે છે. આ શક્તિ આત્માને આત્મિક સુખ માટે યોગ્ય બનાવે છે.

માનવે જો સ્થાયી, શાશ્વત સુખ મેળવવું હોય તો તેણે જીવનમાં પ્રાર્થના, ધ્યાન, મનન, મંથન, સદ્વાંચનની ટેવ પાડવી જોઈએ.

સુખ-દુઃખ ચક્ર

સુખ સાથે સગપણ બાંધવાની પ્રક્રિયામાં દુઃખનું આમંત્રણ અભિપ્રેત હોય જ છે છતાં એ બંને કેટલાં બધાં ભિન્ન છે ! સુખનો સાક્ષાત્કાર કરવા આપણે સદૈવ ઈચ્છુક હોઈએ છીએ અને દુઃખને પ્રવેશતું જોઈને આપણે દ્વાર બંધ કરવા દોડી જઈએ છીએ. સુખના સ્વાગતની તૈયારીઓ કરીએ છીએ જ્યારે દુઃખને ધક્કો મારીને હાંકી કાઢવા માટે તલપાપડ બની રહીએ છીએ. સુખ એ ગમતો મહેમાન છે અને દુઃખ એ ઘરમાં પેસી ગયેલો અણગમતો અતિથિ છે.

માનવી સુખની કેટકેટલી કલ્પનાઓ કરે છે. કેટલાંયે સ્વપ્નો સેવે છે અને કેટલાંય પુરુષાર્થ બાદ એ સુખ એની સામે સાક્ષાત્ દેખાય છે. આમ, સુખ પહેલાં અપરોક્ષરૂપે અને પછી પ્રત્યક્ષ રૂપે દેખાય છે. જ્યારે દુઃખ તો જીવનમાં પ્રત્યક્ષરૂપે જ સામે

આવી જાય છે, ક્યારેક ભારે ચૂપકીદીથી પ્રવેશે છે. સુખને આવવાનો કે દુઃખને વિદાય પામવાનો કોઈ દિવસ નિશ્ચિત હોતો નથી તેથી સુખ પ્રાપ્તિ માટે રાત-દિવસ દોડધામ કરવી પડે છે અને દુઃખ એવું છે કે તમે ન મેળવવા ઈચ્છતા હો તો પણ સામે ચાલીને તમારા ગળે વળગી પડે છે !

- 'છે માનવ જીવનની ઘટમાળ એવી, દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી'
- સુખ અને દુઃખ બંને બંધન છે. દુઃખ તો લોખંડની બેડી છે જ્યારે સુખ સોનાની બેડી છે. માનવીએ બંને બંધનોમાંથી મુક્ત રહી સુખમય રહેવાનું છે.
- સુખ પણ મનનું માનેલું ને દુઃખ પણ મનનું માનેલું હોય છે.
- એકે-એક માનવીનું જીવન એ ભાતભાતના સુખ-દુઃખનો સરવાળો છે. જિંદગીએ ભાતીગળ સુખ-દુઃખથી વણેલી ચાદર છે દરેકના તાણાં-વાણાં જુદા હોય પણ સહેવાનું, વેઠવાનું તો સૌ કોઈના ભાગ્યમાં હોય જ છે.

ફૂલ ક્યારેય પતંગિયાને કહે છે કે તું આવ ! ફૂલ જ્યારે બરોબર સરસ રીતે ખિલ્યું હોય ત્યારે પતંગિયું સ્વાભાવિકતાથી ખેંચાઈને તેની પાસે આવે છે, સુખ પણ એ રીતે આપણી પાસે ખેંચાઈને ન આવી શકે ? સુખનું આપણે વરણ કરીએ તેના બદલે સુખ જ આપણું વરણ કરે તો કેવું ?

જ્યારે આપણે ઘેર કોઈ મનગમતું માણસ પધારવાનું હોય ત્યારે આપણે શું શું કરીએ છીએ, એમના માટે કેવા કેવા ઉમળકા કરીએ છીએ તે યાદ કરીએ. આપણે સ્વયં નાહીધોઈને સ્વચ્છ થઈએ છીએ. સુઘડ અને સુંદર કપડાં પહેરીએ છીએ. ઘરને ચોખ્ખું ચણક અને રૂડું રૂપાળું કરીએ છીએ. આવનાર આપણાથી આકર્ષાય અને આવીને રોકાવવા માટે તૈયાર થાય એવો રમણીય માહોલ આપણે રચીએ છીએ. સુખને પણ આપણે એ રીતે મનનો માનીતો અતિથિ સમજીએ એને જે જે ગમતું હોય તે બધું જ આપણે હોંશથી ને હેતથી કરવામાં લાગ્યા રહીએ.

આપણું મન સાંકડું હશે તો સુખને પ્રવેશવાનું નહિ ફાવે. તેથી આપણે સાંકડાપણાને નિવારવા ભય તથા શંકાના વાદળો ઘેરાયેલા રહેશે તો સુખના સૂરજનું અજવાળું આપણાં સુધી નહીં પહોંચે તેથી દ્વેષ, ઈર્ષ્યા, દંભ, કુટિલતા, તોર, આળસ, અહમ્, ઉન્માદ વગેરે અનિષ્ટોને સદંતર ભગાડવા જ રહ્યા. સોના જેવું સાચું સુખ જો અહીં પધારવાનું થશે તો સતની આંગળીએ પધારશે. જે ઘરનો મોભી સદ્વિચારને સદ્ભાવનાથી શીલ અને સદાચારથી મજબૂત અને મક્કમ હોય, જે ઘરની નાર સુલક્ષણા હોય, જે ઘરનાં સંતાન રૂડાંને રમતિયાળ હોય ત્યાં સુખને ય આવવાનું અને રહેવાનું ગમે ! સુખને ઈંટ-ચુનાના ગગનચુંબી મકાનો કરતાં સત અને સત્વથી, ખમીર અને ખુમારીથી તૈયાર થયેલા સ્નેહભર્યા નેસડામાં અવતરવાનું વધારે ગમશે. તેથી જ સુખને ગમે એવું સાચું અને સારું કરવામાં લાગી રહીએ એમાં જ મઝા છે. એમાં ભગવાનની ય ખુશી છે. આપણે આપણા જીવતરને માના ખોળા જેવું મીઠું અને હુંફાળું બનાવવામાં દિલચસ્પી રાખીએ. બાળક જેમ માનો ખોળો જોતાં દોડી આવી બેસી જાય છે તેમ સુખ પણ આપણાં ભણી દોડી આવે એ માટે જે કંઈ કરવા જેવું હોય તે કરીએ. સૌમાં સાકરની જેમ ભળીએ, સૌને આપના થકી મઝા આવે એવું મન-વચન-કર્મથી આચરણ કરીએ એમ કરતાં પરમાત્માની કૃપાનો ચમકારો જીવતરમાં આવે તે માટે એકાગ્ર થઈએ ત્યારે એવું જરૂર અનુભવાશે કે જે સુખને આપણે ઈચ્છતા હતા તે સુખ ફૂલની જેમ પ્રગટતું, પાંમરતું અસ્તિત્વનું આલ્હાદક મધ ચખાડી રહ્યું છે !

(અનુસંધાન પેજ નં. ૩૦ પર)

પરિસ્થિતિ ? .. કે સ્વસ્થિતિ

બ્ર.કુ. ગિરીશ, ગાયત્રીનગર, રાજકોટ

ઓમશાંતિ

સ્વસ્થિતિ એટલે પોતાની કોઈ પણ અવસ્થામાં મગ્ન રહેવું. એટલું મગ્ન કે જો કોઈ તમારા સંપર્કમાં આવે તેઓને પણ તમારી સારી અવસ્થાનો અનુભવ થાય. અને તેઓ પણ સ્વસ્થિતિ બનાવી શકે. સ્વસ્થિતિ દ્વારા આપણે કોઈ પણ કાર્ય સહેલાઈથી, ઓછા સમયમાં અને સફળતાપૂર્વક કરી શકીએ છીએ. આ માટે અમુક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

જેમ કે પરિસ્થિતિ એટલે પર+સ્થિતિ પરાઈ સ્થિતિ છે, આપણી નથી. સ્વસ્થિતિ જ આપણને મજબૂત બનાવે છે. સ્વસ્થિતિ જેટલી મજબૂત તેટલી પરિસ્થિતિની નિશ્ચિત હાર જ છે. પરિસ્થિતિ જરૂર તમારી સ્વસ્થિતિની ટકાવારી ચેક કરવા માટે આવશે. પરંતુ આપણી શક્તિશાળી સ્થિતિ જોઈને નમન કરી ચાલી જશે. કોઈ પણ પરિસ્થિતિ હોય તો તેમનો શ્રેષ્ઠ માર્ગ હોય જ છે. આ માટે શાંતિની સ્વસ્થિતિમાં સ્થિર રહી અંધારામાં પણ આપણે દરવાજો શોધી શકીએ છીએ. એટલે જ કહ્યું છે કે....

'જ્યારે આપણને લાગે કે આખું વિશ્વ પ્રકૃતિ, પરિસ્થિતિ આપણી વિરુદ્ધ આપણી સામે ઊભા છે, ત્યારે આપણે તેમની તરફ ફેરવી એક તસ્વીર લઈ લ્યો, આપણને લાગશે કે તેઓ પણ આપણી સાથે જ છે.'

જ્યારે આપણે સ્વસ્થિતિને ભૂલી જઈએ ત્યારે પરિસ્થિતિ વાર કરી શકે છે. માટે અચાનક સજાગ રહેવું જરૂરી છે. ઉદા. તરીકે, કોઈ રક્ષક વીઆઈપી વ્યક્તિની દેખરેખ કરે છે, તે પોતાના હોદ્દા, નિયમ જવાબદારી, શક્તિ વગેરેના ભાનમાં હોય છે. ક્યારેય પણ કોઈની ભાવનામાં આવશે નહીં. હંમેશા જાગૃત રહે છે. તેમની આજુબાજુ કોઈ પણ સ્થિતિ સર્જાય ત્યારે હંમેશા સજાગ અને સ્વસ્થિતિમાં જ હોય છે. પરિસ્થિતિના પ્રભાવમાં આવી જતો નથી.

પરિસ્થિતિમાં આવેલા લોકો માટે રક્ષક તેઓને વ્યવસ્થિત સ્થિર કરવાનો પાવર ધરાવતો હોય છે. ક્યારેક પરિસ્થિતિઓ અનેક રૂપો લઈ આવે છે. પોતાની તરફ આકર્ષિત કરી તેને પોતાની ફરજમાંથી દૂર કરે છે. પછી આપણા ખજાના ઉપર વાર કરે છે. જ્ઞાનનો ખજાનો હોય, શક્તિનો ખજાનો હોય, દિવ્ય ગુણોનો ખજાનો હોય, અનુભવોનો ખજાનો હોય તો પછી જાગૃતતા પણ જરૂરી છે.

સ્વસ્થિતિ જેટલી સારી તેટલી વ્યવસ્થા સુંદર રહે છે. જેમ કે આત્માઓ સ્વસ્થિતિ બનાવવા માટે પોતાના આખા દિવસની દિનચર્યા પર ચાલતા હોય છે. પૂરા દિવસમાં ક્યાં ખજાનો ખર્ચ કરવો, કઈ જગ્યાએ જમા રાખવો તે પણ ધ્યાનમાં રાખતા હોય છે. જ્યારે કોઈ પોતાની વિશેષતાને જોઈને સ્વસ્થિતિ બનાવે છે. જ્યારે જરૂર પડે ખર્ચ કરી પાછા સ્વસ્થિતિમાં સ્થિર થઈ જાય છે. વાતાવરણથી પરે રહે છે. જ્યારે સ્વસ્થિતિ શક્તિશાળી રહે છે. ત્યારે જ ખર્ચ કરે છે. જ્યારે કોઈ આત્મન પોતાની સ્વસ્થિતિ બનાવવા ક્યારે કઈ શક્તિઓ જરૂર છે. ક્યા દિવ્ય ગુણોની જરૂર છે. તે ચેક કરી, પ્રાપ્ત કરી ભરપૂર રહેતા હોય છે. અને તે પ્રમાણે ખર્ચ કરતા હોય છે. જ્યારે કોઈ પોતાની દિનચર્યામાં જ વ્યસ્ત રહે છે.

(અનુસંધાન પેજ નં. ૨૫ પર)

યાદ

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

સવારે ઉઠતાંવેંત પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શિવને એ રીતે યાદ કરું છું કે - હે ભગવાન ? આપને ગઈકાલે સાંજે યાદ કરતાં કરતાં સૂઈ ગયો હતો, તેથી સુંદર નિદ્રા આવી, ગાઢ નિદ્રા આવી. કોઈ ખરાબ સ્વપ્નો પણ ન આવ્યાં. મારો મનનો અને તનનો થાક ઉતરી ગયો. તરો તાજા ફ્રેશ ફ્રેશ થઈ ગયો છું, સ્ફૂર્તિથી ભરપૂર થયો છું. હે ભગવાન ! તે માટે આપને 'યાદ' કરીને ધન્યવાદ પાઠવું છું.

પરમકૃપાળુ પરમાત્માને એ રીતે પણ 'યાદ' કરું છું કે - હે ભગવાન મારો આ જન્મ સારા, સુખી, સંપન્ન અને સંસ્કારી પરિવારમાં થયો. પરિવારમાંથી સદ્‌ભાવ અને પ્રેમ મળ્યો. ડાયાબિટિસ, ટી.બી. કે માનસિક રોગ પણ વારસામાં મળ્યો નથી. તે બદલ હે ઈશ્વર ! આપના ખૂબ ખૂબ આભાર સાથે આપને 'યાદ' કરું છું.

આહાર ગ્રહણ કરતાં એ રીતે પણ 'યાદ' કરું છું કે - મારે જીવન જરૂરિયાતની પ્રાપ્તિઓ માટે મને જરૂરી એવો સારો વ્યવસાય પણ આપ્યો છે. હું અને મારા પરિવારજનો કોઈ દિવસ ભૂખ્યાં ઉંઘ્યાં નથી. હે ભગવાન શિવ ? આપના ભંડારામાંથી પ્રાપ્ત થયેલો પ્રસાદ ગ્રહણ કરું છું, એ ઋણ સ્વીકારી તમને 'યાદ' કરું છું.

હે ભગવાન ! મારા અંગત સ્વાર્થ સારું, માત્ર મારું જ કલ્યાણ થાય તેવા નહિં, પણ નિઃસ્વાર્થ, અન્ય આત્માઓનું કલ્યાણ થાય તેવા શુભસંકલ્પો મારા દ્વારા થાય એવી સભાન અવસ્થાવાળી સદ્‌બુદ્ધિ આપો છો અને તે માટે જ તમને 'યાદ' કરું છું.

હે ઈશ્વર ! આપે સ્થાપેલ કર્મનો સિદ્ધાંત વિશ્વમાન્ય છે. હું જે દુઃખ બીજાને આપીશ તે દુઃખ મને મળવાનું જ છે ! તેથી મારા દ્વારા અન્ય આત્માને દુઃખ ન થાય તેવી સભાનાવસ્થા મને આપી છે. તે માટે તમને 'યાદ' કરું છું.

હે ભગવાન શિવ ! આપની શ્રીમત - કમ બોલો, ધીરે બોલો, મીઠા બોલો, સચ બોલો - સતત યાદ રહે તેવી 'જાગરૂપતા' આપી છે, જેથી કરીને આજના દિવસ દરમિયાન નોકરી / વ્યવસાયના સમયે, સંપર્કમાં આવતા દરેક આત્મા સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરું. હે ભગવાન ! મારી દૈનિક જીવનચર્યા તથા વ્યવસાયિક કાર્ય કરતાં તમારી 'યાદ' સાથે કર્મ કરું એવું સામર્થ્ય આપો છો. મને તો ખાત્રી જ છે કે તમારી યાદમાં કરેલ દરેક કાર્ય શ્રેષ્ઠ ગુણવત્તાવાળું હશે અને નુકસાન વગરનું હશે.

શિવબાબા ! પ્રકૃતિના પાંચેય તત્ત્વો (અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ અને આકાશ) આપની રચના છે, જે વિશ્વના કલ્યાણ, પાલન અને પોષણ માટે રચેલ છે. જેનો દુરુપયોગ કરવાનો મને કોઈ જ અધિકાર નથી, પ્રકૃતિના પાંચેય તત્ત્વોનું સન્માન જાળવવા અને સેવા કરવાની મતિ અને શક્તિ આપો છો તે માટે તમને 'યાદ' કરું છું.

હે ભગવાન શિવ ! હું તમારું સંતાન છું. તમે મારા પિતા છો. તમારો વારસો લેવા માટે પણ તમને 'યાદ' કરું છું.

હે પરમાત્મા ! આપની યાદની યાત્રામાં એવો હું પ્રવીણ અને સક્ષમ બનું કે - એક સેકન્ડમાં, સાકારી દુનિયામાંથી નિરાકારી દુનિયામાં અને એક સેકન્ડમાં નિરાકારી દુનિયામાથી સાકારી

દુનિયામાં પહોંચી શકું, તેવા શક્તિશાળી બનવા માટે તમને 'યાદ' કરું છું.

હે શિવપિતા ! આપની યાદથી મુંજ આત્મામાં શક્તિ ભરાય છે અને યાદની યાત્રાથી મારા જન્મજન્માન્તરના પાપોનો નાશ થાય છે તે માટે જ તમને 'યાદ' કરું છું.

હું એક શુદ્ધ પવિત્ર આત્મા છું. અજર, અમર, અવિનાશી, સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુરૂપ, પ્રકાશપુંજ, ચૈતન્ય શક્તિ છું. મારું કાયમી નિવાસ સ્થાન પરમધામ છે. પરમધામથી સાકારી સૃષ્ટિ પર જુદા જુદા દેહ ધારણ કરી, જુદા જુદા પાત્રો ભજવી, કલ્પને અંતે પરત પરમધામ જવાનું છે. હું આત્મા મારા વતનને 'યાદ' કરું છું. હું આત્મા કલ્પની શરૂઆતમાં પરમધામથી સાકારી દુનિયામાં, સૃષ્ટિ રંગમંચ પર આવું છું. સતયુગમાં ૮, ત્રેતાયુગમાં ૧૨, દ્વાપરયુગમાં ૨૧ અને કલિયુગમાં ૪૨ જન્મ ધારણ કરું છું. પુરુષોત્તમ સંગમયુગમાં આ મારો છેલ્લો જન્મ છે, પછી પરત મારા મૂલવતન જવાનું છે. ત્યાર બાદ પુનઃ એજ ચક્રમાં એજ ક્રમે ફરવાનું છે. તે મને યાદ છે. આ સૃષ્ટિ ચક્રને પણ 'યાદ' કરું છું.

મારે આ બ્રાહ્મણ જીવનમાં શિવબાબાની 'યાદ'માં રહી, શિવબાબાના સાથે યોગમાં રહી, વિકારો અને પાપો ભસ્મ કરી, ફરિસ્તા બનવાનું છે. શિવબાબાની શ્રીમત અનુસાર જરૂરતમંદ આત્માઓની મનસા, વાચા, કર્મણા સેવાઓ કરવાની છે. શિવબાબાનો વારસો લેવાનો છે અને ત્યારે જ મને સતયુગમાં શ્રેષ્ઠ પદ મળવાનું છે, એવા શ્રેષ્ઠ પદને પણ 'યાદ' કરું છું.

હે પરમપિતા પરમાત્મા, ભગવાન શિવ ! દિવસ દરમિયાનના ગૃહસ્થ વ્યવહાર અને અર્થોપાર્જન વ્યવહારના અંતે, રાત્રે સૂતા પહેલાં, મેં કરેલ કર્મોનો એકરાર આપની સમક્ષ કરું છું. ભૂલો કબુલ કરું છું. પુનઃ આવી ભૂલો નહિ કરવાના દૃઢ નિશ્ચય સાથે પોતામેલ જાહેર કરી આપની યાદમાં સૂઈ જાઉં છું. જેથી આપની 'યાદ'માં ગાઢ નિદ્રા આવે અને સ્વપ્નો પણ સતયુગી દુનિયાનાં જ આવે. બસ શિવબાબાની યાદમાં.. **॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. ૨૩નું અનુસંધાન) .... પરિસ્થિતિ...

કોઈ તો સ્વસ્થિતિને દ્રઢતાથી પોતાનો સંસ્કાર બનાવી લે છે. ક્યારેય છોડતા નથી. આમ સર્વ પર રાજ્ય કરી શકે છે.

સ્વસ્થિતિ બનાવવા દિનચર્યાનો આધાર અમૃતવેળાનો યોગ છે. આપણો અમૃતવેળાનો સમય કેટલા અંશે પાવરફુલ રહ્યો તેની અસર આખો દિવસ જોવા મળે છે. અમૃતવેળાએ વિશેષ બાબા પાસેથી સંપૂર્ણ શક્તિ, ગુણ, વરદાન પ્રાપ્ત કરીએ. અને તેને દિનચર્યા અનુસાર ખર્ચ કરીએ. આ પ્રેક્ટીકલ પ્રયોગ સફળતા આપશે. સફળતાનો આધાર નિશ્ચય છે.

આ રીતે આપણી સ્વસ્થિતિ બનાવીએ, સ્વસ્થિતિમાં રહીએ, આજુબાજુના બધા જ લોકો, વસ્તુ, વાયુમંડળને પણ સુંદર બનાવીએ. સ્વસ્થિતિ આપણી પોતાની છે. તેમાં જ ખુશ રહીએ એવી શુભભાવના સાથે..

॥ ઓમશાંતિ ॥

હીરો અને કોલસો બંને એક જ ખાણમાંથી પેદા થાય છે. છતાં પણ કોલસા કરતાં હીરાની કિંમત અનેક ગણી વધારે છે. ગુલાબનું ફૂલ અને કાંટો એક જ છોડ ઉપર જન્મીને મોટાં થાય છે. છતાં કાંટાને લોકો ધિક્કારે છે. માનવીની કિંમત પણ તેના કુળ ઉપરથી નહીં પણ ગુણ ઉપરથી થાય છે. માનવી ગુણથી શોભે છે. કુળથી નહિ.

દેહ અભિમાન પતનનું મૂળ

બ્ર.કુ. મધુબેન, બાંટવા

સંસારમાં દુઃખ તો અનેક કારણોથી આવે છે, પરંતુ દેહ અભિમાન સર્વ દુઃખોનું મૂળ છે. કોઈને ધનનું અભિમાન હોય, યા પદનું અભિમાન હોય, બુદ્ધિનું અભિમાન હોય. આ બધા અભિમાન તો છે પરંતુ દેહ અભિમાન એ સર્વ દુઃખોનું મૂળ છે. દેહ અભિમાની વ્યક્તિ દેહ પર આકર્ષિત થાય છે, ચાહે પોતાનો દેહ હોય ચાહે અન્યનો દેહ હોય. પરંતુ દેહ પર આકર્ષિત થવું. દેહનું અભિમાન રાખવું એ પણ દેહ અભિમાન છે.

ખરેખર દેહ અભિમાન આવવાનો દરવાજો એક જ છે, અને એ દરવાજો છે હું. સવારથી લઈને રાત સુધી અગર આપણે ગણતરી કરીએ તો હું હું શબ્દ બોલીએ છીએ. હું આમ છું, હું તેમ છું, હું આ કરું છું, હું આ નથી કરતો, હું આ માનું છું, હું આ નથી માનતો. અગર આપણે હિસાબ કરીએ તો અનેક વાર હું શબ્દનો ઉપયોગ થાય છે.

દેહ અભિમાની વ્યક્તિ સદા અસંતુષ્ટ રહે છે. ભલે તેમને ગમે તેટલું મળી જાય છતાં પણ અસંતુષ્ટ રહે છે. એ સદા નામ, માન, શાનનો ભૂખ્યો રહે છે. માનો કે એમની પાસે બધું જ છે પણ સદાય ભિખારી રહે છે. ભિખારી તો ભિખારી જ હોય છે, એમની પાસે કાંઈ જ ન હોય, પરંતુ દેહ અભિમાનવાળી વ્યક્તિ છે એમની પાસે બધું જ હોવા છતાં પણ ભિખારી છે.

કારણ કે તેમના મનમાં નામ, માન, શાનની ભૂખ સદાય રહેતી હોય છે. એ વિચારે છે કે બધા જ મારી મહિમા કરે અને જ્યારે કોઈ તેમની મહિમા કરે તો ખુશ થાય, પ્રસન્ન થઈ જાય. અગર કોઈ તેમની મહિમા ન કરે તો નિરાશ થઈ જાય. માનો કે એમની ખુશી ફુગ્ગા જેવી છે, એક ફુગ્ગાની અંદર હવા ભરી હોય, કોઈ અગર એક સોય લગાડી દે તો તુરંત ફાટી જાય છે. તો અભિમાની વ્યક્તિની પણ એવી દશા છે. કારણ મહિમા થાય તો પ્રસન્ન અને નિંદા થાય તો અપમાનિત અનુભવ કરે છે અને એ અપમાન સહન કરી શકતો નથી. ઘણી વખત તો દેહ અભિમાની વ્યક્તિને અગર કોઈ માન ન આપે, યા કોઈ વ્યક્તિ એમની મોટાઈ ન કરે તો એ સ્વયં પોતાની મોટાઈ કરવા લાગી જાય છે. જ્યાં વ્યક્તિ પોતાની મોટાઈ કરે અને બીજાની નિંદા કરે તો સમજો કે આ દેહ અભિમાન છે.

દેહ અભિમાની વ્યક્તિ ક્યારેય બીજાને સુખ આપી શકે નહીં. અભિમાની વ્યક્તિને પ્રાપ્તિ થોડીક થઈ જાય છે તો સમજે છે કે બસ હું તો માલિક છું. આ બધું મારું જ છે. એવી રીતે જીવન જીવે છે કે મારે આ બધું છોડવાનું જ નથી.

એક શેઠ હતા. જેમને મોટું કારખાનું હતું. ખૂબ પૈસા હતા, જમીન હતી, બંગલો હતો. ઘરમાં બધાં જ સુખ સુવિધાઓનાં સાધનો હતાં. એક વખત બપોરના ૧૨ વાગ્યે તેમના ઘરે એક સંત આવ્યા. તે શેઠની પત્નીએ સંતમહાત્માને કહ્યું, જમવાનો સમય છે. આપ અમારે ઘરે ભોજન કરીને જાવ. ખૂબ આગ્રહ કર્યો એટલે સંતમહાત્મા રોકાઈ ગયા. ત્યાં શેઠ આવ્યા અને ભોજન કરતા-કરતા શેઠે પોતાની વાર્તા શરૂ કરી. કહ્યું કે જુઓ મહાત્માજી, અમારે આટલું મોટું કારખાનું છે. જેમાં ખૂબ કમાણી થાય, વર્ષે આટલા રૂપિયાની આવક છે. આટલી મોટી જમીન છે. આ અમારો મોટો બંગલો છે. જેમાં બધાં જ સુખ સુવિધાનાં સાધનો વસાવ્યાં છે. જેથી મારી પત્નીને બહાર નિકળવું જ ન પડે. ઘરઘંટી, ફ્રીજ, ટી.વી., વોશિંગ મશીન બધું જ ઘરમાં ટેલીફોન વગેરે છે.

મેં પણ આ બંગલામાં જ મારી ઓફિસ બનાવી છે, કોમ્પ્યુટરથી મોબાઈલથી જ ઘર બેઠા કામ થઈ જાય એટલે મારી પત્નીને કે મારે બહાર નિકળવું જ ન પડે. જ્યારે શેઠની વાર્તા પૂરી થઈ એટલે સંતમહાત્મા બોલ્યા કે શેઠ તમારા પાસે બધું જ છે. બધી જ સુવિધાઓ છે. પરંતુ એક વસ્તુ નથી. તો શેઠ બોલ્યા કે બોલો મહાત્માજી, કઈ વસ્તુ નથી. બતાવો હું જલદી વસાવી લઉં ત્યારે મહાત્માએ કહ્યું કે અહીયાં સ્મશાન નથી. માટે તમારે અને તમારી પત્નીએ બહાર તો નિકળવું પડશે. તમો તો નહીં જાવ પણ તમારો દેહ છૂટશે આત્મા નિકળી જશે ત્યારે તમને લોકો બાંધીને સ્મશાને લઈ જશે. માટે જવું તો પડશે. ત્યારે શેઠની આંખ ખૂલી ગઈ અને કહ્યું કે સાચી વાત છે. આમાં મારું કાંઈ જ નથી. મનુષ્ય જન્મે છે ત્યારે ખાલીહાથ હોય છે. જાય છે ત્યારે પણ ખાલી હાથ જાય છે. શેઠ મહાત્માજીના પગે પડી જાય છે. માફી માંગે છે કે હું જે દેહ અભિમાનને વશ મારી મોટાઈ હાંકતો હતો તે મારી ભૂલ થઈ.

તો અભિમાની વ્યક્તિ એ પણ નથી સમજી શકતો કે હું કોની સામે મોટાઈ કરું છું. થોડીક પ્રાપ્તિ થઈ તો એટલું અભિમાન વ્યક્ત કરે કે મારા જેવો દુનિયામાં કોઈ જ નથી. એક કહેવત છે ને કે ઉંદરને હળદરની ગાંઠ મળી તો એમને લાગ્યું કે હું તો એક કરિયાણાનો વેપારી છું. તો આજના મનુષ્યની હાલત આવી છે.

આજ વ્યક્તિ ખૂબ સુંદર છે. તો એને લાગે કે હું ખૂબ સુંદર છું. પરંતુ સુંદરતા શું કાયમ રહેશે? 'ચાર દિન કી ચાંદની ફીર અંધેરી રાત' કોઈની પાસે બળ હોય, શક્તિ હોય, સ્થૂળ તાકાત હોય પરંતુ બીમારી આવી ગઈ તો શક્તિ નષ્ટ થઈ જાય છે. તો ભૌતિક ચીજો છે તે નશ્વર છે. વિનાશી છે અને વિનાશી ચીજોનું અભિમાન કરવું નકામું છે એ એક અજ્ઞાન છે. જે સાચો જ્ઞાની હશે તે પોતાની અંદર ક્યારેય દેહ અભિમાન આવવા દેશે નહીં. જેણે દેહ અભિમાનને જીત્યું છે. તે જ સાચો જ્ઞાની છે. અગર જ્ઞાનીને જ્ઞાનનું અભિમાન આવી જાય તો તે પણ અજ્ઞાન છે. અજ્ઞાનની તુલના અંધકાર સાથે કરવામાં આવે છે. કહે છે દેહ અભિમાન પતનનું મૂળ છે. આત્મ ચિંતન ઉન્નતિની સીડી છે. ખરેખર અભિમાન રાખવું હોય તો આત્માનું અભિમાન રાખીએ. આત્મા તો અમર છે. અવિનાશી છે. આપણો આત્મા કેટલા ગુણોથી સંપન્ન છે. શાંત સ્વરૂપ, પ્રેમ સ્વરૂપ, સુખ સ્વરૂપ, આનંદ સ્વરૂપ. એ સ્વમાનમાં રહીએ તો દેહ અભિમાન પોતાની મેળે ખત્મ થઈ જશે. સદા પોતાને નિમિત્ત સમજો. હું નિમિત્તમાત્ર છું. નિમિત્ત ભાવથી કર્મ કરીએ. નમ્રતા આપણી અંદર આવશે. સદા એકરસ સ્થિતિ રહે. આત્માનું ચિંતન રહે તો દેહ અભિમાન ખતમ થઈ જશે. આત્મિક સ્થિતિમાં સ્થિત રહી પરમાત્માની યાદમાં રહી એમની પાસેથી સર્વ ગુણ અને સર્વ શક્તિઓથી ભરપૂર બનીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૨૮નું અનુસંધાન)... **મન અને જીવન**

માનસિક શક્તિ છે તો તમારા માટે જરૂરી છે કે તમે નિયમિત પરમાત્માનું મનન-ચિંતન સવારે યોગાભ્યાસ કરો, સારાં, સકારાત્મક લોકોને મળો, રોજ નવી આશા, અપેક્ષા અને યોજના સાથે ઊંઘો અને નવા સ્વાસ્થ્ય કે ઊર્જા સાથે પથારીમાંથી ઉઠો. પૌષ્ટિક ખોરાક આરોગો. વધારે ટી.વી. જોવાનું ટાળો. તમારા લક્ષ્યો રચો. નિયમિત વ્યાયામ પ્રાણાયામ કરો. નિયમિત હકારાત્મક સૂચન પોતાની જાતને કહેતા રહો. હંમેશા સારાં પ્રેરણાદાયી કાર્યમાં વ્યસ્ત રહો. પૂરતી ઊંઘ લેવી, ખુલ્લી હવામાં શાંત વિસ્તારમાં સમય ગાળવો.

॥ ઓમશાંતિ ॥

મન અને જીવન

બ્ર.કુ. મયુર પરમાર, બોપલ, બાલેશ્વર, અમદાવાદ.

કૃતજ્ઞતાની શક્તિ

દિવસની શરૂઆત આભાર માનવાથી કરો. તમને અઢળક આશીર્વાદ મળેલા છે અને પરમાત્માના આશીર્વાદ તમારા પર આખોય વખત વરસ્યા કરે છે તેનો પ્રતીતિપૂર્વક અનુભવ કરો. ગઈકાલે તમે કેટલાં કૃતજ્ઞતા - વિહોણાં હતાં તે વાત જવા દો. મહત્ત્વની વાત એ છે કે આજે અત્યારે તમારું શું વલણ છે. ભૂતકાળને પાછળ છોડી દો. ભૂતકાળની ભૂલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં સમય ન બગાડો. માત્ર એમાંથી પાઠ શીખી લો, પછી આગળ ચાલો અને જીવનનો આનંદ માણો અને એ દરમિયાન દરેકેદરેક બાબત માટે સતત આભાર માનતાં રહો. તમે જ્યારે કૃતજ્ઞ હો છો અને જીવનની સઘળી શુભ બાબતોની કદર કરતાં હો છો ત્યારે તમારી અંદર અને તમારા દ્વારા શુભભાવના મુક્તપણે વહેવા લાગે છે. માત્ર તમે જ્યારે આભાર માનવાનું અને પરમાત્માએ બક્ષેલી સારીને સંપૂર્ણ ભેટોની કદર કરવાનું ભૂલી જાઓ છો ત્યારે જ તમે સૂકાંને બરડ થઈ જાઓ છો, તમે જાતની ફિકર કરવા લાગો છો અને માનવબંધુઓની કાળજી કરતાં અટકી જાઓ છો. આ અયોગ્ય વલણને બદલવાનો સૌથી ઝડપી માર્ગ છે. માનવબંધુઓ માટે સકારાત્મક, શુભ વિચારવું. સમગ્ર માટે જીવવાનો ને અર્પવાનો. તમને જણાશે કે જાત અને જાત માટેની ચિંતા તો ક્યાંય પાછળ ઓગળીને નહિવત્ થઈ ગઈ છે.

જૂના નકારાત્મક વિશ્વાસો દૂર કરવા અને નવા હકારાત્મક વિશ્વાસ ઘડવાની ચાવી તમારા હાથમાં

જો તમે ઈચ્છો છો કે તમે તમારા લક્ષ્યો પૂરાં કરવા માગો છો, બીમારીથી છુટકારો મેળવીને સ્વસ્થ સ્વાસ્થ્ય બનાવવા માગો છો, આર્થિક અને સામાજિક જીવનમાં શ્રેષ્ઠ પરિણામ લાવવા માગો છો, માનસિક અને ભાવનાત્મક રૂપે શક્તિશાળી થવા ઈચ્છો છો, તો તેનો પાયો છે તમારો વિશ્વાસ. આ વિશ્વાસોને તમે થોડી જ પળોમાં તમારા અચેતન મનમાં પ્રતિસ્થાપિત કરીને તમારા માટે સફળતાનું રેખાચિત્ર તૈયાર કરી શકો છો.

જીવનને એક ઉત્સવ (Celebration)ની જેમ ઉજવવા માટે જરૂરી છે કે તમે તેમાં લય (Rhythm)નો અનુભવ કરો. જ્યાં તમે કોઈ પ્રયાસ વિના આગળ વધી રહ્યા છો. તમને કોઈ પ્રકારનો તણાવ ન હોય, તમે ખુશ હો, જીવનના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે તમારી પાસે નવા વિચાર અને વ્યવહાર હોય. તમે તમારા જીવનને ખીલતાં ફૂલનું પ્રતીક માની શકો છો. જે રીતે કોઈ છોડને ઉછરતાં કે ફૂલને ખીલતાં કોઈ પ્રયાસ કરવો પડતો નથી. તે એક લયમાં આગળ વધતાં રહે છે, એ લયબદ્ધ રીતે તમે તમારા જીવનને જીવીને તમામ લક્ષ્યો પૂરાં કરી શકો છો.

આ માટે જરૂરી છે કે તમે સમયાંતરે અચેતન મનમાંથી અનિચ્છિત નકારાત્મક ભાવનાઓને બહાર કાઢીને ઉર્જાદાયી ભાવનાઓ માટે સ્થાન ખાલી કરી દો. જે રીતે કોઈ કાદવભર્યા પાત્ર (વાસણ)માં ચોખ્ખું પાણી નાખવું અર્થહીન છે. એ જ રીતે જ્યાં સુધી અચેતન મનમાંથી નકારાત્મક અનુભવોને કાઢવામાં નહીં આવે ત્યાં સુધી ત્યાં હકારાત્મક ભાવનાઓ પ્રતિસ્થાપિત કરવાનું અશક્ય છે.

જો તમારું લક્ષ્ય શ્રેષ્ઠ આત્મિક સ્થિતિ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય, સુખ, શાંતિ, ખુશી, આનંદ અને શ્રેષ્ઠ

(અનુસંધાન પેજ નં. ૨૭ પર)

સ્લોગન સૌંદર્ય

બ્ર.કુ. લીલાબેન ચૌહાણ, કારેલીબાગ, વડોદરા.

દરરોજની મુરલીમાં બાબા એક સ્લોગન જરૂર આપે છે. એ સ્લોગન ગાગરમાં સાગર સમાન હોય છે. એક જ વાક્યમાં વસ્તુનો કે વ્યક્તિનો વૈભવ ખડો કરી દે છે. આવું જ એક સ્લોગન છે, 'क्रोध रुपी भूत को उदारता से ही जीता जा सकता है।'

ક્રોધ શબ્દમાં જ કેટલી બધી આગ છે. જેનામાં સવાર થાય છે એ પોતે તો બળે જ છે પણ સામાને પણ દઝાડે છે. એટલે જ ક્રોધને ભૂત સાથે પણ સરખાવવામાં આવે છે. ક્રોધી વ્યક્તિને શાંત પાડવી સરળ નથી. પોતે દૃઢપણે માનતો હોય છે કે ગુસ્સે થયા વગર તો કામ થાય જ નહીં. ખાસ કરીને જો તમે ઉપરી અધિકારી હોય તો હાથ નીચેનાં માણસો પાસેથી કામ કરાવવા તમારે ગુસ્સો તો કરવો જ પડે નહીં તો કોઈ તમારો હુકમ માને નહીં. બહુ સાદું ગણિત એ જાણે છે. લૌકિક રીતે કદાચ કોઈ આમાં સંમત થાય પણ સૂક્ષ્મમાં જોઈએ તો શું ક્રોધ કરવો જરૂરી છે ? જવાબ છે નહીં.

પેલી વાર્તા નથી જાણતાં ? એક સાધુ-મહાત્મા ભિક્ષા માંગવા શહેરમાં આવે છે. આવીને એક સજ્જનનો દ્વાર ખટખટાવે છે. અંદરથી કોઈ જ અવાજ આવતો નથી. એકવાર, બેવાર, ત્રણ વાર અંતે ભિક્ષાર્થી જોરથી બૂમ પાડે છે. ભિક્ષાન્ન દેહી.. ભિક્ષાન્ન દેહી..

એક સુઘડ-સ્વચ્છ સન્નારી ઘરમાં બારણે આવે છે. પ્રેમપૂર્વક આંગણે ઉભેલા અતિથિને આવકાર આપે છે. હાથ જોડી કહે છે, બોલો મહારાજ તમારી શું સેવા કરું ? જેમ જેમ સ્ત્રી નમ્ર થતી જાય છે તેમ તેમ સાધુનો ગુસ્સો સાતમા આસમાને પહોંચતો જાય છે. ગુસ્સામાં એ બરાડે છે કહે છે, આંગણે ઉભેલા અતિથિનો આવો સત્કાર? દ્વાર ઉઘાડી આંગણે આવતા આટલી બધી વાર ?

મને જાણો છો હું કોણ છું ? એક જ શાપ આપીશ તો તમારો સર્વનાશ થઈ જશે.

'ખામોશ મહારાજ' સ્ત્રી બોલી, સાંભળો, હું કાંઈ વડના ઝાડ પર બેઠેલી ચકલી નથી કે તમારી ક્રોધિત દૃષ્ટિથી ભસ્મીભૂત થઈ જઈશ.

મહારાજના અચંબાનો પાર ન રહ્યો. અરે, આ સ્ત્રીને કેવી રીતે ખબર પડી કે મારા યોગબળથી બલ્કિ એમ કહો કે ક્રોધબળથી એક ચકલી બળીને ભડથું થઈ ગઈ હતી ? મહારાજ નમ્ર બની ગયા કારણ કે સ્ત્રીએ મર્મસ્થાને ઘા કર્યો હતો. સંતની આંખ ખૂલી ગઈ. નમ્ર થઈ સ્ત્રીને કહ્યું, 'માતા મને માફ કરો' પણ જતાં જતાં એટલું સમજાવો કે આ આખી વાત તમે કેવી રીતે જાણી ?

ત્યારે બહેન નમ્રતાથી મૃદુ સ્વરે બોલ્યા, મહારાજ હું સદા સન્માર્ગે ચાલું છું. અતિથિ સત્કારને મારી ફરજ સમજું છું. કુટુંબના સભ્યો વચ્ચે સદાય સંવાદિતા રાખવા એમની ખડેપગે સેવા કરું છું. મારો ગૃહસ્થ ધર્મ એજ મારી સેવા-મારી ભક્તિ. કહો કે પરમાત્મા પ્રત્યેની મારી નિષ્ઠા. હું પતિ-પરાયણ તો છું જ પણ સાથે સાથે પ્રભુ-પરાયણ પણ છું. મેં કદિ વેદશાસ્ત્રો કે ઉપનિષદો વાંચ્યા નથી. કર્મ કરતાં કરતાં જ પરમાત્માને યાદ કરું છું. આજ મારું યોગબળ છે જેના થકી તમારો ચકલીવાળો અધ્યાય મેં સાક્ષાત્ નિહાળ્યો છે.

ચકલીવાળો અધ્યાય કંઈક આવો હતો.

(અનુસંધાન પેજ નં. ૩૧ પર)

ત્રિદલ

સેવાકેન્દ્રની ધજાઓ ફરકતી રહી

બ્ર.કુ. ડો. વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

(વંશસ્થ છંદ)

હડૂડૂડૂ... મેઘગર્જના ગાજી ઉઠી, વિજળીએ ઘરા ફાડી નાખી,
ધરતીકંપનો આવ્યો મોટો આંચકો, આપદામાં બાકી મહીં રાખી,
પશુ-પંખીનો કારમો ઘાત નીકળ્યો, માનવ જાનહાનિએ દાટ વાળ્યો
શંકરના હાથમાં દોરી સંચાર, બધી સ્વીચો ઓફ કરી નાખી.

ગામના ગામ ડૂબ્યા ઊંડા પાણીમાં, ખેતરો પહોંચ્યા સાગરમાં જઈ,
કાળમીંઢ પથ્થર ખાલી પડી રહ્યા, વાવેલું ક્યાંથી બચે કંઈ ?
સર્વત્ર હાહાકાર પ્રસરી ગયો, મરણચીસોની બાંગ ઉઠી,
પાણી વચ્ચે તરસ્યા માણસો, ખાવાની મા મરી ગઈ.

બાપ સફાળો શોધે પુત્રને, પત્ની હાથથી વછૂટી ગઈ,
ઘરની જગ્યાએ થયું પાદર, કોઈને કોઈથી મળાયું નહીં,
સ્થળ ત્યાં જળ.. જળ ત્યાં સ્થળ, ઈશ્વરીય આ આગાહી હતી,
સોસાયટીઓ સીસાઈડો બની, સેવાકેન્દ્રની ધજાઓ ફરકતી રહી.

હવે માણસને યાદ આવ્યું, ઈશ્વરે આપણને ચેતવ્યા હતા,
પડ્યા હતા કુંભકર્ણની ઊંઘમાં, બ્રહ્માવત્સોએ જગાડ્યા હતા,
તેઓ ગામે ને શેરી - ગલીએ, ફરતા હતા ત્યારે આપણે,
આડું જોઈ ગયા હતા બધા, આપણે તેમને ભગાડ્યા હતા.

પોતાના ઘરના રોટલા ખાઈને આપણી ભૂખ ભાંગવા આવેલા,
કળીયુગમાંથી છોડાવી આપણને નવાયુગની ચાવી લાવેલા,
ભાગ્યફૂટા સમજ્યા નહીં ત્યારે કર્મફળ ભોગવીએ બધા,
'રીઝીયા' તારા રીઝી જવાથી સર્જનહારે હાથ લંબાવેલા.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૨૨નું અનુસંધાન)

.... સુખનું સ્વાગત

ભગવદ્‌ગીતામાં નિર્દેશ છે કે આપણાં સર્વદુઃખો દેહ/શરીર સાથેની ખોટી એકરૂપતાને લીધે છે. ઉવાચ્ 'હે કુંતીપુત્ર ઠંડી અને ગરમી, સુખ અને દુઃખનું અસ્થાયી આગમન અને યથા સમયે તેની વિદાય એ શિયાળા અને ઉનાળાની ઋતુઓના આવવા અને જવા સમાન છે.'

ઉનાળામાં આપણે જળના સ્પર્શથી આનંદ અનુભવી છીએ પણ શિયાળામાં તે જ જળથી આપણે ધ્રુજી ઉઠીએ છીએ કારણ કે તે ઘણું ઠંડુ હોય છે. આ બંને કિસ્સાઓમાં પાણી તો એક જ હોય છે પણ આપણે તેને આપણાં શરીર સાથેના સ્પર્શને લીધે આનંદદાયક અથવા દુઃખદાયક તરીકે અનુભવીએ છીએ. આવું જ સુખ-દુઃખના આવાગમનમાં પણ છે.

તારા સુખને વિખેરી નાખ, દુઃખને ખંખેરી નાખ, સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે. પાનખર ઝીલી હોય તેને જ વસંતનો અનુભવ થાય.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૨૯નું અનુસંધાન)

..... સ્લોગન સૌંદર્ય

તપસ્વી વડના ઝાડ નીચે બેસીને તપશ્ચર્યા કરી રહ્યાં હતાં, એવામાં એમના શરીર ઉપર વિષ્ટાનો છંટકાવ થયો. ક્રોધે ભરાયેલા તપસ્વીએ ઝાડ ઉપર નજર નાખી. જેવો ક્રોધિત દૃષ્ટિપાત થયો, ઝાડ પર બેઠેલી ચકલી તત્કાલ બળીને ભસ્મીભૂત થઈને નીચે પડી. બિચારી ચકલી એ તો પંખી, ભોળુ પારેવડું. એને થોડી ખબર હતી કે આટલો મોટો દંડ ચૂકવવો પડશે ?

ફરીવાર એ સન્નારીએ કહ્યું, 'મહારાજ યોગબળથી જનકલ્યાણ થાય પણ ક્રોધબળથી તો નુકસાન જ થાય. અન્યને અને પોતાને પણ.'

સાધુ-મહારાજ સ્ત્રીની સહજ વાણીમાં રહેલા 'રાજયોગ'ની વ્યાખ્યા સાંભળી સ્તબ્ધ થઈ ગયા. છેવટે એમણે સ્વીકાર્યું કે પરમાત્માને પામવા માટે જંગલમાં જવાની કે ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરવાની કોઈ જ જરૂર નથી.

આજે આ બહેને પોતાની ઉદાર જવાબદારી દ્વારા મારા ક્રોધનું શમન કર્યું છે. મને નવો રાહ બતાવ્યો છે. ધન્ય છે એ બહેનને.

॥ ઓમશાંતિ ॥

બે અને પાંચ પચીસ સમજાવે

બ્ર.કુ. ડૉ. વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

(વંશસ્થ છંદ)

આજની વિટંબણાનું કારણ.. દુનિયા વ્યર્થ શોધે નિવારણ,
સમજી લેવાની તાતી જરૂર.. કારણ વિના બન્યા મજબૂર,
એનો હાથવગો જ છે ઉપાય.. તરત એનો અમલ કરાય,
માતા-પિતાનો જ્યાં થશે આદર.. ઈશ્વર તેની કરશે કદર.

એ હતા તેથી ખુદ પોતે આવ્યો.. તેમના થકીજ શ્વાસ લેવાયો,
પોતે ડૂબ્યા અને તને ઉછેર્યો.. પેટે બાંધી પાત્ર તને ઘરાવ્યો,
તેની આંગળીએ ધંધો લેવરાવ્યો.. સારા ઘેર પહેલા પરણાવ્યો,
ગણતાં જેનો પાર નહીં આવે.. પોતે કપાઈ અન્યને બચાવે.

કદાચ સંતાન મોડું અવતરે.. પથ્થર એટલા દેવ સત્કારે,
જીંદગીભરની માનતા રાખે.. વહાલી વસ્તુ કદિ નહીં ચાખે,
એમાં ઘરમાં પારણું બંધાય.. બારેય કોઠે દીવા પ્રગટાય,
એવા છે અહીં દુનિયાના દેવ.. જેને પ્રભુ યાદ કરે સદૈવ.

પણ પુત્ર જ્યારે યુવાન થાય.. બે પૈસા કદીક કમાતો થાય,
પરણેતર જ્યાં ઘરમાં આવે.. બે અને પાંચ પચીસ સમજાવે,
મિલકતનો માલિક પોતે બને.. પછી કોઈની વાતે ન માને,
રોજ એના હિસાબ લગાવે.. ઘરડા ઘરનો માર્ગ બતાવે.

આ છે આજની દુનિયાની રસમ.. પેઢી ડૂબાડવા ઉઠે કદમ,
ગઈકાલનો ડાહ્યો ભૂલી જાય.. આવતીકાલમાં આગ ચંપાય,
'રીઝીયા' તું હવે બેઠો થા.. એના કાળજે કરને કારી ઘા,
રુધિર કદરૂપ વહી જશે.. તો સાચી સમજણ આવી જશે.

॥ ઓમશાંતિ ॥

એજ ખરી બનશે દીવાદાંડી

બ્ર.કુ. ડૉ. વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

(વંશસ્થ છંદ)

કોઈની ટીકા, નિંદા, કુથલી કરી, શું કામ મીટાવીએ આશા ભરી,
કંઈ જ નથી વળી ભરી એવા... તેના અવગુણ આપણે લેવા ?
ઈશ્વરે તેને સંતાન બનાવ્યા ... આપણે ભાઈ બની રખડાવ્યા,
દુનિયાનો આવો બેસુરો તાલ, કરાવે બધાના હાલ-બેહાલ.

આ હકીકત સર્વ કોઈ જાણે.. તોય તમામ જુદુજ તાણે,
આપણે પળ ચૂકવી નથી... સમાજમાં આગ મૂકવી નથી,
સૌને કરવું હોય તેમ કરે... પાપના અર્ધા ઘડા ભલે ભરે,
મારી તેમાંથી કરો બાદબાકી... યુગ પરિવર્તન હાકે વાગી.

કહેવા કરતાં કરવું ભલું... પામવા માટે પ્રથમ પગલું,
વાતોના વડા બંધ કરીને... મૌનમુખે આગળ વધીને,
પુરુષાર્થનો કરીએ આરંભ... સફળતાનો આ એક જ ક્રમ,
કોઈનું અવમૂલ્યન કરવું, આવતા દિને ઠોકર મારવું.

દરેકમાં હોય એક વિશેષતા.. એ જ છે એની મોટી નિર્દોષતા,
એને આપો અનેરો પયગામ.. એ કરી છૂટશે સઘળા કામ,
એકેક દીવડો જાતે પેટાવો... સમાજમાંથી કટુતા હટાવો,
કાંટા-ગોખરૂમાં મૂકાશે કાંડી... એજ ખરી બનશે દીવાદાંડી.

સમાજ બદલવાની આ રીત.. એનાથી ઉઠશે મધુર સંગીત,
પરંપરાથી આ અપનાવાય છે... રૂઢિઓમાં દફનાવાય છે.
'રીઝીયા' તું પણ લાગીજા ધંધે... આપણે જોડાઈ જઈએ સંબંધે,
વચ્ચે કોઈ નહીં થાય આડા-અવળા... શમી જશે આંધી અને જ્વાળા.

॥ ઓમશાંતિ ॥

Printed by BK Sarlaben R. Somiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, 1, Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad - 380 028. Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

ભાભર ખાતે 'શિવજયંતી' પર્વ નિમિત આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં બ્ર.કુ. પ્રેમિલાબેન, બ્ર.કુ. ઉર્મિલાબેન, બ્ર.કુ. સ્નેહલબેન.

વડોદરા મંગલવાડીમાં રાજ્ય કક્ષાએ લૉન ટેનીસમાં તૃતિય સ્થાન મેળવવા બદલ બ્ર.કુ.વંદનાબેનને વધાઈઓ આપતાં બ્ર.કુ.રાજબેન.

વ્યારા દ્વારા બામનામાલની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને 'જીવન મૂલ્યો'ની સમજૂતી આપતાં બ્ર.કુ. પૂજાબેન સાથે શાળાના શિક્ષકો.

મુંબઈ કાંદીવલીમાં BJPના નવા ચૂંટાયેલા કોરપોરેટર ભગિની શૈલેજા ગીરકરનું અભિવાદન કરતાં બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ.ચંદ્રિકાબેન.

શિનહોરીમાં 'મહાશિવરાત્રી' નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમમાં કેક કટીંગ કરતાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ.જયાબેન.

રાજકોટ રાજનગર દ્વારા 'શિવરાત્રી' નિમિતે આયોજીત 'શિવપથ શોભાયાત્રા'ને લીલી ઝંડી આપી શુભારંભ કરાવતાં બ્ર.કુ. રીટાબેન.

મુંબઇ મીરાંરોડ સેવાકેન્દ્ર દ્વારા 'શિવજંયતી' નિમિતે ૯ કીલોમીટર લાંબી વિશાળ ભવ્ય શોભાયાત્રાનું મનોરમ્ય સુંદર દશ્ય.

માણાવદરમાં PGVCL માં 'બેટી બચાવો' કાર્યક્રમમાં ડેપ્યુટી એન્જીનીયર ડી.એન.રૂપારેલીયા, બી.બી.માનાવદરીયા, બ્ર.કુ.મધુબેન તથા સ્ટાફ.

અમદાવાદ ન્યુ મણિનગર દ્વારા 'અમરનાથની ઝાંખી' માં મ્યુ. કોરપોરેટર મહેશભાઈ, ઉપપ્રમુખ ભાવસાર સમાજ ભ્રાતા ભરતભાઈ, ડૉ. મનોજભાઈ, મેનેજર આંધ્ર બેંક આસુતોષભાઈ, બ્ર.કુ. સોનલબેન, બ્ર.કુ. ગૌરીબેન.

રાજકોટ રવિરત્ન ખાતે 'અમરનાથ દર્શન'માં આચાર્ય સરસ્વતી વિદ્યામંદિર ભ્રાતા જીતેષભાઈ, કોરપોરેટર ભ્રાતા બાબુભાઈ, કોરપોરેટર દુર્ગાબા જાડેજા, આચાર્ય જવાહર વિદ્યાલય અશોકભાઈ, બ્ર.કુ. નલિનીબેન.

વાંકાનેરમાં 'જ્યોતિર્લિંગ દર્શન'નું ઉદ્‌ઘાટન કરતાં ડૉ.કે.એન.મિસ્ત્રી, ઉદ્યોગપતિ ભ્રાતા જયંતીભાઈ, બ્ર.કુ. શૈલાબેન, બ્ર.કુ. સારિકાબેન.

સુરત અડાજણ દ્વારા મહાશિવરાત્રી નિમિતે 'બરફના અમરનાથ'ની ઝાંખી સાથે સરપંચ ભ્રાતા અનિલભાઈ તથા બ્ર.કુ. દક્ષાબેન.

અમદાવાદ વટવા ખાતે 'બરફીલા અમરનાથ' ઝાંખીમાં સેક્રેટરી યુવામંડળ ભ્રાતા ધ્રુવભાઈ, ભ્રાતા સુરેશભાઈ, બ્ર.કુ. તારાબેન.

અમદાવાદ ઈસનપુરમાં 'અમરનાથ બાબા'ની ઝાંખીનું ઉદ્‌ઘાટન કરતાં ભ્રાતા એસ.કે.કુંજડીયા, ડૉ.મુકેશભાઈ, બ્ર.કુ. જાગૃતિબેન.

સુરત મોટા વરાછા ખાતે 'શિવરાત્રી' કાર્યક્રમમાં કૉરપોરેટર ભગિની ઉર્વશીબેન, તંત્રી પાટીદાર સમાચારપત્ર શોભનાબેન, બ્ર.કુ. મીનાબેન.

ખેડબ્રહ્મા સેવાકેન્દ્રમાં 'શિવજયંતી' પર્વ નિમિત 'બરફના અમરનાથ' સાથે બ્ર.કુ. જ્યોતિબેન, બ્ર.કુ. ભાવનાબેન, બ્ર.કુ. વિરલબેન.

અમદાવાદ સુખશાંતિ ભવન, કાંકરીયા ખાતે 'શિવધ્વજારોહણ' કાર્યક્રમમાં પ્રતિજ્ઞા કરતાં રાજયોગિની સરલાદીદી, PRO-BSNL ભ્રાતા ડી.એચ.વોરા, મ્યુ. કૉરપોરેટર ભગિની નિશાબેન, એસ.વી.કૉલેજના વિભાગાધ્યક્ષ પ્રો.ડૉ.પ્રકાશભાઈ, મેટ્રો રેલ્વેના દિનેશભાઈ તથા અમરનાથ-સોમનાથની ઝાંખી.

કેશોદમાં 'મહાશિવરાત્રી મહોત્સવ'માં સંદેશ આપતાં બ્ર.કુ.રુપાબેન, MLA ભ્રાતા અરવિંદભાઈ, ડૉ.પ્રવીણભાઈ, એડવોકેટ ભ્રાતા દિનુભાઈ.

અમદાવાદ મોટેરા સાબરમતીમાં ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર ભ્રાતા શંભુજી ઠાકોરને પ્રદર્શનની સમજૂતી આપતાં બ્ર.કુ. નીપાબેન.

સણસોલીમાં આયોજીત 'કૃષિ પ્રદર્શની તથા મેળા'માં MLA ભ્રાતા દેવુસિંહ ચૌહાણને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મારુતીબેન, બ્ર.કુ. શ્રૃતિબેન.

સિધ્ધપુર ખાતે 'શિવજયંતી મહોત્સવ'માં MLA ભ્રાતા બલવંતસિંહ રાજપત, બ્ર.કુ. વિજયાબેન, બ્ર.કુ. દક્ષાબેન તથા બ્ર.કુ. મનોજભાઈ.

અમદાવાદ ચાંદખેડામાં 'મહાશિવરાત્રી' પર્વ નિમિત્ત આયોજીત ચૈતન્ય ઝાંખીના ઉદ્ઘાટન બાદ ચેરમેન શિડયુલ કાસ્ટ ડેવલપમેન્ટ ભ્રાતા રમેશભાઈ સોલંકી, ભગિની હર્ષાબેન, બ્ર.કુ. સંગીતાબેન.

અમદાવાદ રામનગર દ્વારા 'શિવજયંતી' નિમિત્તે ૧૨ ફુટ મમરાના શિવલિંગના ઉદ્ઘાટનમાં એડવોકેટ ગીતાબેન, મ્યુ. કૉરપોરેટર ભ્રાતા રણજીતસિંહ, બિલ્ડર ભ્રાતા સુરેશભાઈ, બ્ર.કુ.મંજુબેન, બ્ર.કુ.કૃપાબેન.

Gyan Amrit
Vol.10 | Issue 4 | April 2017 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ગાંધીનગરમાં ગુજરાતના માનનીય રાજ્યપાલ ભ્રાતા ઓ.પી.કોહલીને મુખ્યાલયનું નિમંત્રણ આપ્યા બાદ સમૂહચિત્રમાં રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ.મૃત્યુંજયભાઈ, બ્ર.કુ.કૈલાસબેન, બ્ર.કુ.અમરબેન.

આણંદમાં આયોજીત 'એટ હોમ કાર્યક્રમ'માં ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ ભ્રાતા ઓ.પી.કોહલી તથા મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણીને શુભેચ્છા આપતાં બ્ર.કુ. ગીતાબેન.

મહેસાણા 'ગોડલી પેલેસ' ખાતે 'શિવરાત્રી મહોત્સવ'માં આદરણીય દાદી રતનમોહિનીજી, બ્ર.કુ.સરલાબેન, ઉદ્યોગપતિ ભ્રાતા દશરથભાઈ, જીલ્લા સરકારી વકીલ ચંદનસિંહ રાજપૂત, મંત્રી ઉમીયા માતાજી સંસ્થાન ભ્રાતા પી.જે.પટેલ તથા બ્ર.કુ. ચક્રધારીબેન.

પાલનપુરમાં 'શિવ અવતરણ મહોત્સવ'માં દીપ પ્રજવલ્લન ભારત સરકારના કેન્દ્રના રાજ્યકક્ષાના મંત્રી ભ્રાતા હરિભાઈ ચૌધરી, પૂ.સંતશ્રી રતનજી મહારાજ, સ્વામી સીતારામ મહારાજ, બ્ર.કુ. સરલાબેન તથા બ્ર.કુ. ભારતીબેન.

અમદાવાદ બોપલમાં 'પ્રભુ મહેર ભવન'ના ઉદ્ઘાટનમાં ઈન્કમટેક્ષ કમિશનર ડૉ. વસુંધરાબેન IAS, પોસ્ટ માસ્ટર જનરલ ભ્રાતા અંબેશ ઉપમન્યુ, Add. DGP ભ્રાતા કે.કે.ઓઝા IPS, રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. લલિતભાઈ, બ્ર.કુ. રંજનબેન.

વડોદરા અલકાપુરીમાં 'સમાજ ઉત્થાન આધ્યાત્મિક સંમેલન' જયાબેન ઠક્કર, ડૉ. વિજયભાઈ શાહ, ભ્રાતા પી.બી.લાલ, ડૉ. અનિલભાઈ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. નરેન્દ્રભાઈ, બ્ર.કુ. મીનાબેન.